સમય સંદેશ
પ્રોપટી લે-વેચ, પ્રોડકટ, રોજગાર, જાહેર નોટીસ,વકીલ નોટીસ, પ્રેસનોટ, નામ ચેન્જ જેવી દરેક પ્રકારની જાહેરાત આપવા માટે
સમય સંદેશ કાર્યાલય
૩૫૭-ઈ ત્રીજો માળ, ઈન્દ્રપ્રસ્થ, પંચેશ્વર ટાવર રોડ, જામનગર-૩૬૧૦૦૧
મો.૮૮૬૬૦૬૬૦૬૦



સમય તમારો, સંદેશ અમારો...

# સમય સંદેશ

જેઠ સુદ - ૦૬ ■ તંત્રી : અશોક એલ.રાઠોડ ■ સહ તંત્રી : રાજેશ એ.રાઠોડ

સમગ્ર ગુજરાતમાં વિશાળ વાંચક વર્ગ ધરાવતું જામનગરથી પ્રસિદ્ધ થતું સવારનું દૈનિક અખબાર


**આજનો સુવિચાર**

ઈતિહાસ સાક્ષી છે સમાચાર હોય કે કબર હોય, ખોદનાર હંમેશા આપણા જ હોય છે!


વર્ષઃ ૧૧ ● અંકઃ ૨૦૦ ● તારીખઃ ૨૦.૦૬.૨૦૨૬, શનિવાર ● પાનાઃ૪ ● કિંમત રૂા. ૨.૫૦ ● SAMAY SANDESH DAILY MORNING NEWS PAPER ● POSTING: JAMNAGAR STG

E-MAIL: samaysandeshnewstv@gmail.com ● RNI NO. GUJ GUJ/2015/64531 ● POSTAL REGISTERED NUMBER GJN-228 ● OFFICE MOB. NO. 8866066060


## 'મોદી કડક મિજાજના નેતા છે..' ડોનાલ્ડ ટ્રમ્પે ફરી એક વાર પ્રધાનમંત્રી મોદીના કર્યા વખાણ

**સમય સંદેશઃ ડેસ્ક**




વૈશ્વિક રાજકારણ અને આંતરરાષ્ટ્રીય સંબંધોના ક્ષેત્રે ભારતની વધતી જતી તાકાતનો સ્વીકાર ફરી એકવાર સુપર પાવર અમેરિકાએ કર્યો છે. અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે વૈશ્વિક રાજનીતિ પર ખુલ્લેઆમ ચર્ચા કરતી વખતે ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ અને ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીની જોરદાર પ્રશંસા કરી છે. ડોનાલ્ડ ટ્રમ્પે આ બંને નેતાઓને દુનિયાના એવા પ્રભાવશાળી નેતાઓ તરીકે ગણાવ્યા છે, જેમની કાર્યશૈલીના તેઓ વ્યક્તિગત રીતે સૌથી મોટા પ્રશંસક છે. ટ્રમ્પના મતે, બંને નેતાઓ પોતાના દેશોના હિત માટે અત્યંત પ્રભાવશાળી ભૂમિકા ભજવી રહ્યા છે અને વૈશ્વિક સ્તરે પણ તેમની છબી લોખંડી છે. અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ વિશે વાત કરતા જણાવ્યું હતું કે, તેઓ એક એવા કુશળ નેતા છે જે સંપૂર્ણપણે પોતાના કામ પર કેન્દ્રિત રહે છે અને દરેક આંતરરાષ્ટ્રીય મુદ્દાને ખૂબ જ ગંભીરતાથી હેન્ડલ કરે છે. બીજી તરફ, ભારતના પ્રધાનસેવક નરેન્દ્ર મોદીના વખાણ કરતા ટ્રમ્પે કહ્યું કે, પીએમ મોદી અત્યંત સખત, નિર્ણાયક અને અદભૂત નેતૃત્વ ક્ષમતા ધરાવતા પાવરફુલ લીડર છે. તેઓ દેશહિતમાં કડક નિર્ણયો લેવામાં જરાય અચકાતા નથી. આ પહેલીવાર નથી જ્યારે ટ્રમ્પે પીએમ મોદીના આ પ્રકારે


અનુ પાના નં.૨ પર


### ટ્રમ્પની ટિપ્પણી પર જ્યોર્જિયા મેલોનીનો આકરો પ્રહાર

## 'હું કે મારો દેશ કોઈની સામે ક્યારેય ભીખ નથી માંગતા..'

**સમય સંદેશઃ ડેસ્ક**



G7 સમિટ દરમિયાન ખેંચાયેલી એક તસવીર અંગે અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા કરવામાં આવેલા વિવાદાસ્પદ નિવેદન પર ઇટાલીના વડાપ્રધાન જ્યોર્જિયા મેલોનીએ અત્યંત કડક વળતો પ્રહાર કર્યો છે. ટ્રમ્પની ટિપ્પણીથી નારાજ થયેલા મેલોનીએ સ્પષ્ટ શબ્દોમાં સુણાવ્યું છે કે, તેઓ કે તેમનો દેશ ઇટાલી ક્યારેય કોઈની પણ સામે ભીખ માંગતા નથી.

આ વિવાદ સોશિયલ મીડિયા અને આંતરરાષ્ટ્રીય મીડિયામાં ભારે ચર્ચાનો વિષય બન્યો છે. ટ્રમ્પના નિવેદનને પોતાના દેશના આત્મસન્માન પર પ્રહાર ગણાવીને મેલોનીએ ઉમેર્યું કે, ઇટાલી એક સાર્વભૌમ અને સ્વાભિમાની રાષ્ટ્ર છે જેને કોઈની દયાની જરૂર નથી. તેઓ વૈશ્વિક મંચ પર પોતાના દેશની છબી અને ગૌરવ સાથે કોઈ પણ પ્રકારની બાંધછોડ કરવા તૈયાર નથી.

વડાપ્રધાન મેલોનીની આ આકરી પ્રતિક્રિયા બાદ વૈશ્વિક રાજકારણમાં અને ખાસ કરીને અમેરિકા અને ઇટાલીના રાજદ્વારી સંબંધોમાં ભારે ગરમાવો આવી ગયો છે. આ વિવાદાસ્પદ ટિપ્પણીની બંને દેશોના ભવિષ્યના સંબંધો પર કેવી અસર પડશે, તેના પર હવે વૈશ્વિક સમુદાયની નજર ટકેલી છે.

## યુક્રેનનો મોસ્કો પર અત્યાર સુધીનો સૌથી મોટો ડ્રોન હુમલો, આકાશમાંથી થયો કાળો વરસાદ

### ઈઝરાયલી બોમ્બમારાથી અમેરિકા-ઈરાન વચ્ચેનો ઐતિહાસિક શાંતિ કરાર જોખમમાંઃ સ્વિટ્ઝર્લેન્ડની શાંતિ મંત્રણા રદ, અમેરિકાની ઈઝરાયલને કડક ચેતવણી

**સમય સંદેશઃ ડેસ્ક**





રશિયા-યુક્રેન યુદ્ધ હવે અત્યંત ભયાનક વળાંક પર પહોંચી ગયું છે. યુક્રેને ૧૦૦૦થી વધુ આત્મઘાતી ડ્રોન દાગીને રશિયાની રાજધાની મોસ્કો પર અત્યાર સુધીનો સૌથી મોટો હુમલો કર્યો છે, જેમાં ત્યાંની વ્યૂહાત્મક રીતે મહત્વપૂર્ણ કાપોટન્યા ઓઇલ રિફાઇનરી પ્રચંડ વિસ્ફોટો સાથે સંપૂર્ણ નષ્ટ થઈ ગઈ છે.

આ હુમલાને કારણે મોસ્કોના ચાર મુખ્ય એરપોર્ટ બંધ કરવા પડ્યા હતા. રિફાઇનરીની ભીષણ આગના કારણે હવામાં ફેલાયેલા કાર્બન કણોને લીધે મોસ્કોમાં કેમિકલયુક્ત 'કાળો વરસાદ' વરસતા લોકોમાં આતંક છવાયો હતો. રશિયાએ ૯૯૨ ડ્રોન તોડી પાડ્યાનો દાવો કર્યો છે, જ્યારે યુક્રેનના રાષ્ટ્રપતિ ઝેલેન્સ્કીએ ખુલ્લી ચેતવણી આપી છે કે 'જો યુક્રેન બળશે તો મોસ્કો પણ બળશે'.

બીજી તરફ, પશ્ચિમ એશિયામાં શાંતિ સ્થાપવા માટે અમેરિકા અને ઈરાન વચ્ચે ફ્રાન્સના વર્સેલ્સ પેલેસ ખાતે રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની હાજરીમાં થયેલો ઐતિહાસિક પ્રારંભિક શાંતિ કરાર શરૂ થાય તે પહેલાં જ જોખમમાં મુકાયો છે. આ કરાર અંતર્ગત લશ્કરી કાર્યવાહી તાત્કાલિક બંધ કરવાની શરત હોવા છતાં, ઇઝરાયલે દક્ષિણ લેબનોનમાં હિઝબુલ્લાહના ઠેકાણાઓ પર ભારે બોમ્બમારો કરી ૧૬ લોકોને મોતને ઘાટ ઉતારી દીધા છે. ઇઝરાયલી વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂએ સેના પાછી ખેંચવાનો સ્પષ્ટ ઇનકાર કરતા જણાવ્યું છે કે જ્યાં સુધી હિઝબુલ્લાહનો ખતરો સંપૂર્ણ નાબૂદ નહીં થાય ત્યાં સુધી લડાઈ ચાલુ રહેશે.

ઇઝરાયલના સતત હુમલાના વિરોધમાં ઈરાને સ્વિટ્ઝર્લેન્ડના બુર્ગેનસ્ટોક રિસોર્ટ ખાતે યોજાનારી આગામી ટેકનિકલ વાટાઘાટોમાં પોતાનું પ્રતિનિધિમંડળ મોકલવાનો ઇનકાર કરી દીધો છે, જેના કારણે આ મહત્વપૂર્ણ બેઠક રદ કરવી પડી છે. આ ગંભીર સ્થિતિ વચ્ચે યુએસ ઉપરાષ્ટ્રપતિ જે.ડી. વેન્સે પોતાની સ્વિટ્ઝર્લેન્ડની મુલાકાત મુલતવી રાખી છે અને ઇઝરાયલને કડક ચેતવણી આપતા જણાવ્યું છે કે અમેરિકા હવે તેના આક્રમક વલણથી ખુશ નથી. કરાર મુજબ ૬૦ દિવસ માટે યુદ્ધવિરામ લંબાવવાની સંમતિ થઈ હતી, પરંતુ હાલની પરિસ્થિતિ જોતાં પશ્ચિમ એશિયામાં કાયમી શાંતિ સ્થાપવાના વૈશ્વિક પ્રયાસો સંપૂર્ણ નિષ્ફળ જવાની ભીતિ સેવાઈ રહી છે.

## રાજકીય કડવાશ ભૂલી પીએમ મોદીએ રાહુલ ગાંધીને પાઠવી બર્થડે વિશ

### અખિલેશ યાદવે ગણાવ્યા 'સત્યના સાથી', રાહુલે આપ્યું ખાસ વચનઃ ટીએમસીના અભિષેક બેનર્જી સાથે બંધારણીય મૂલ્યોની રક્ષાનો કોલ



**સમય સંદેશઃ નવીદિલ્હી**

સંસદથી લઈને ચૂંટણી રેલીઓ સુધી જેમની સાથે રાજકીય શાબ્દિક યુદ્ધ ચાલતું રહે છે, તેવા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ રાહુલ ગાંધીને જન્મદિવસની ઉષ્માભરી શુભકામનાઓ પાઠવી હતી. પીએમ મોદીની આ પોઝિટિવ પહેલનો સન્માનપૂર્વક સ્વીકાર કરતા રાહુલ ગાંધીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ડ (ટ્વિટર) પર સત્તાવાર પોસ્ટ કરીને લખ્યું, ''તમારી શુભેચ્છાઓ બદલ આભાર પ્રધાનમંત્રી ક્ષફયિક્ષમફિળજમશ જી.'' બંને નેતાઓ વચ્ચેનો આ વિવેકપૂર્ણ સંવાદ સોશિયલ મીડિયા પર ભારે વાયરલ થઈ રહ્યો છે.

બીજી તરફ, ઉત્તર પ્રદેશમાં કોંગ્રેસના અડીખમ સાથી અને સમાજવાદી પાર્ટીના અધ્યક્ષ અખિલેશ યાદવે રાહુલ ગાંધીને ખૂબ જ અનોખા અંદાજમાં વધામણી આપી હતી. અખિલેશે ભાવુક પોસ્ટમાં લખ્યું, ''દેશભક્તિ, માનવતા અને સત્યના સાથી - અમે, 'એક ધ્યેય' માટે! શ્રી રાહુલ ગાંધીજીને જન્મદિવસની હાર્દિક શુભેચ્છાઓ, સાર્થક અને સક્રિય જીવન માટે નિષ્ઠાવાન શુભેચ્છાઓ!'' પોતાના આ પરમ મિત્રને જવાબ આપવામાં રાહુલે પણ કોઈ કસર છોડી નહોતી. તેમણે વળતો પ્રહાર કરતા લખ્યું, ''અખિલેશ જી, તમારી શુભકામનાઓ બદલ હૃદયપૂર્વક આભાર. બંધારણ, સામાજિક ન્યાય અને પીડીએ ના અધિકારોનું રક્ષણ કરવાનો અમારો 'એક ધ્યેય' સંપૂર્ણ તાકાતથી ચાલુ રહેશે, અને અમે ખાતરી કરીશું કે તેના તમામ લાભો ઉત્તર પ્રદેશના દરેક નાગરિક સુધી પહોંચે - આ અમારો સંકલ્પ રહેશે.''

પશ્ચિમ બંગાળમાં તૃણમૂલ કોંગ્રેસ ના સાંસદ અને મમતા બેનર્જીના ભત્રીજા અભિષેક બેનર્જીએ પણ રાહુલને વિશ કરતા લખ્યું, જન્મદિવસની હાર્દિક શુભકામનાઓ. તમારા સારા સ્વાસ્થ્ય, ખુશી અને દરેક પ્રયાસમાં સતત સફળતાની શુભેચ્છાઓ. ચમકતા રહો!'' રાહુલે તેમનો આભાર માનતા ઉમેર્યું કે, ''તમારી શુભેચ્છાઓ બદલ આભાર, અભિષેક બેનર્જી જી. આપણે આપણા બંધારણીય મૂલ્યોનું રક્ષણ કરવા અને આપણા લોકોના અધિકારોની રક્ષા માટે ભવિષ્યમાં પણ સાથે મળીને મજબૂતાઈથી કામ કરતા રહીશું.''

## રિલાયન્સ AGM: JIOના IPOની સત્તાવાર જાહેરાત, અંબાણી પરિવારની નવી પેઢી કરશે આગેવાની

**સમય સંદેશઃ મુંબઈ**



લાંબા સમયની રાહ અને અટકળોનો અંત આવ્યો છે અને હવે રિલાયન્સ જિયોનું શેર બજારમાં લિસ્ટિંગ થવા જઈ રહ્યું છે. રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝના ચેરમેન મુકેશ અંબાણીએ કંપનીની ૪૯મી વાર્ષિક સામાન્ય સભામાં શેરધારકોને સંબોધતાં આ અંગેની સૌથી મોટી જાહેરાત કરી છે. તેમણે જણાવ્યું કે, જિયો પ્લેટફોર્મ્સના બોર્ડ દ્વારા આ મેગા IPO માટેના જરૂરી ડ્રાફ્ટ રેડ હેરિંગ પ્રોસ્પેક્ટસ મંજૂર કરી દેવામાં આવ્યા છે અને તેને આજે જ માર્કેટ રેગ્યુલેટર સેબી પાસે ફાઇલ કરવાની પ્રક્રિયા પણ શરૂ કરી દેવાઈ છે. આ જાહેરાત સાથે જ ભારતના ઇતિહાસના સૌથી મોટા ગણાતા આ ઈશ્યૂનો માર્ગ હવે મોકળો થઈ ગયો છે. મહત્ત્વની વાત એ છે કે, નેશનલ સ્ટોક એક્સચેન્જ દ્વારા પોતાના IPOના પેપર્સ સબમિટ કરાયાના બરાબર એક દિવસ બાદ જ જિયો દ્વારા પણ આ મોટું પગલું ભરવામાં આવ્યું છે. મુકેશ અંબાણીએ આ જાહેરાતને આખા રિલાયન્સ પરિવાર અને કરોડો શેરધારકો માટે ખૂબ જ ભાવુક ક્ષણ ગણાવી હતી. તેમણે કહ્યું કે, 'રિલાયન્સ અને તેના રોકાણકારો વચ્ચેનો સંબંધ ગૌરવ, વિશ્વાસ અને સન્માનના પવિત્ર પાયા પર ટકેલો છે.' કંપનીના સ્થાપક ધીરુભાઈ અંબાણીના વિઝનને યાદ કરતા તેમણે કહ્યું કે, 'શેરધારકોની કમાણી વધારવી અને તેમનો વિકાસ કરવો એ જ અમારા ગ્રુપનો મુખ્ય હેતુ રહ્યો છે. જે રીતે ધીરુભાઈ માટે આ બાબત ખૂબ જ ખાસ હતી, તેવી જ રીતે મારા માટે પણ શેરધારકો પ્રત્યેની આ પ્રતિબદ્ધતા એક પવિત્ર જવાબદારી સમાન છે.' આ મેગા IPO પ્રક્રિયાની સૌથી મોટી હાઈલાઈટ એ છે કે, મુકેશ અંબાણીની નવી પેઢી આ આખી પ્રક્રિયાનું નેતૃત્વ કરી રહી છે. મુકેશ અંબાણીએ શેરધારકોને જણાવ્યું કે, 'ઈશા અંબાણી, આકાશ અંબાણી અને અનંત અંબાણી આ જિયો IPOની પ્રક્રિયાની આગેવાની કરી રહ્યા છે. તેઓ જ ભવિષ્યમાં મૂલ્ય નિર્માણની તકોનું નેતૃત્વ કરશે.' બજારના નિષ્ણાતો આ નિવેદનને રિલાયન્સના બિઝનેસમાં નવી


અનુ પાના નં.૨ પર


## સરકારે ટેલિગ્રામ પર પ્રતિબંધ મૂકતાંની સાથે જ ભારતમાં VPNના વપરાશમાં રેકોર્ડબ્રેક ઉછાળો

**સમય સંદેશઃ નવીદિલ્હી**

ભારતમાં વર્ચ્યુઅલ પ્રાઈવેટ નેટવર્ક (VPN)ના વપરાશમાં અચાનક એક મોટો આંકડાકીય ઉછાળો જોવા મળ્યો છે. મેડિકલના વિદ્યાર્થીઓ માટેની રાષ્ટ્રીય સ્તરની પ્રવેશ પરીક્ષામાં થતી ગેરરીતિઓ અને પેપર લીકની ઘટનાઓ રોકવા માટે ભારત સરકારે દેશભરમાં પોપ્યુલર મેસેજિંગ એપ્લિકેશન ટેલિગ્રામ પર પ્રતિબંધ મૂકવાનો આકરો નિર્ણય લીધો હતો, જેના પગલે આ સ્થિતિ સર્જાઈ છે.

જાણીતી કંપની પ્રોટોન વીપીએનના જનરલ મેનેજર ડેવિડ પીટરસને એક સત્તાવાર નિવેદનમાં ખુલાસો કર્યો છે કે, ઇલેક્ટ્રોનિક્સ અને ઇન્ફોર્મેશન ટેક્નોલોજી મંત્રાલય (MeitY) દ્વારા પરીક્ષાના પ્રશ્નપત્રો લીક થવાની આશંકાને આધારે ટેલિગ્રામ બ્લોક કરવામાં આવ્યું હતું. આ પ્રતિબંધને કારણે ભારતના આશરે ૧૫૦ મિલિયન યુઝર્સ પ્રભાવિત થયા છે. આ બ્લોકિંગના તુરંત બાદ પ્રોટોન વીપીએનની સેવાઓ માટે કલાકદીઠ થતા રજીસ્ટ્રેશનમાં ૧૫૦% સુધીનો તોતિંગ વધારો નોંધાયો છે.

ટેલિગ્રામ પર પ્રતિબંધ મુકાયા બાદ ડિજિટલ જગતમાં પણ તેની સીધી અસર જોવા મળી છે. ગૂગલ ટ્રેન્ડ્સના સત્તાવાર ડેટા અનુસાર, છેલ્લા ૨ દિવસમાં ભારતીય ઇન્ટરનેટ યુઝર્સ દ્વારા ગૂગલ સર્ચ એન્જિન પર telegram vpn અને vpn for telegram જેવા કીવર્ડ્સના સર્ચિંગમાં અભૂતપૂર્વ ઉછાળો આવ્યો છે. નેશનલ ટેસ્ટિંગ એજન્સી દ્વારા આગામી ૨૨ જૂન સુધી એટલે કે પરીક્ષાઓ સંપૂર્ણપણે પૂર્ણ ન થાય ત્યાં સુધી ટેલિગ્રામની સેવાઓ સ્થગિત રાખવાનો આદેશ આપવામાં આવ્યો છે. પરીક્ષા આપતા નિર્દોષ ઉમેદવારો સાથે છેતરપિંડી કરવા માટે કેટલાક સંગઠિત રેકેટ્સ દ્વારા આ પ્લેટફોર્મનો દુરુપયોગ કરવામાં આવતો હોવાને કારણે આ મોટો નિર્ણય લેવાયો હતો.

બીજી તરફ, નેશનલ ટેસ્ટિંગ એજન્સીએ સુરક્ષિત પરીક્ષાનું બહાર કોઈપણ NEET-UG પ્રશ્નપત્ર લીક થયું હોવાની વાતનો સ્પષ્ટપણે ઇનકાર કર્યો છે. એજન્સીએ સોશિયલ મીડિયા પર પેપર આપવાના થતા આવા તમામ વચનોને તદ્દન ''ફ્રોડ'' ગણાવ્યા છે. ગઝઅએ સ્પષ્ટતા કરી છે કે કેટલાંક ટેલિગ્રામ ચેનલો આ પરીક્ષાની નકલી નકલો


અનુ પાના નં.૨ પર


## કર્ણાટકમાં ધારાસભ્યોના ક્રોસ-વોટિંગથી ભાજપ હાઈકમાન્ડ નારાજ

**સમય સંદેશઃ બેંગલુરુ**

કર્ણાટકમાં સાત વિધાન પરિષદ બેઠકો માટે યોજાયેલી ચૂંટણીમાં ભાજપને ઝટકો લાગ્યો છે. મુખ્ય મંત્રી ડી.કે. શિવકુમારના નેતૃત્વ હેઠળ કોંગ્રેસે પાંચ બેઠકો પર જીત મેળવી છે, જ્યારે ભાજપ માત્ર બે બેઠકો જ જીતી શક્યું છે. કર્ણાટકમાં ભાજપના ધારાસભ્યો દ્વારા થયેલા ક્રોસ-વોટિંગથી ભાજપ હાઈકમાન્ડ નારાજ છે.

હાઈકમાન્ડે રાજ્ય ભાજપાધ્યક્ષ બી.વાય. વિજયેન્દ્ર, વિધાનસભામાં વિરોધ પક્ષના નેતા આર. અશોકા અને રાજ્ય પ્રભારી રાધામોહન દાસને ૨૩ જૂને દિલ્હીમાં હાજર રહેવા માટે બોલાવ્યા છે. ખાસ વાત એ છે કે કર્ણાટકમાં એનડીએના ૧૧ ધારાસભ્યોએ ક્રોસ-વોટિંગ કર્યું હોવાની માહિતી સામે આવી છે, જેને કારણે ભાજપના ટોચના નેતૃત્વમાં અસંતોષ જોવા મળી રહ્યો છે. કર્ણાટકમાં વિધાન પરિષદની સાત બેઠકો માટે મતદાન થયું હતું. સંખ્યાબળને આધારે કોંગ્રેસને ચાર બેઠકો જીતવાની શક્યતા માનવામાં આવી રહી હતી, પરંતુ ક્રોસ-વોટિંગને કારણે તેને એક બેઠકનો વધારાનો ફાયદો મળ્યો. આ ચૂંટણીમાં કુલ ૨૨૨ ધારાસભ્યોએ મતદાન કર્યું હતું. સૂત્રોના જણાવ્યા અનુસાર ભાજપ અને જનતા દળ (સેક્યુલર) બંને પક્ષોના કેટલાક ધારાસભ્યોએ ક્રોસ-વોટિંગ કર્યું હતું, જેને કારણે કોંગ્રેસના ઉમેદવારોને અપેક્ષા કરતાં વધુ મત મળ્યા હતા. સાત વિધાન પરિષદ બેઠકો માટેની ચૂંટણીમાં કુલ આઠ ઉમેદવારો મેદાનમાં હતા. કોંગ્રેસ તરફથી થિપ્પન્નપ્પા કામકનૂર, પી.વી. મોહન, શિવન્ના બી.એસ., બી.કે. હરિપ્રસાદ (પ્રદેશ કોંગ્રેસ અધ્યક્ષ) અને વિનય કાર્તિક પ્રકાશ ઉમેદવાર હતા. ભાજપ તરફથી લિંગરાજ પાટીલ અને રઘુ આર. તેમ જ જેડીએસ તરફથી ગોવિંદરાજુ ઉમેદવાર હતા. પરિણામમાં કોંગ્રેસના પાંચેય ઉમેદવારો અને ભાજપના બંને ઉમેદવારો વિજેતા બન્યા, જ્યારે જેડીએસના ગોવિંદરાજુને પરાજયનો સામનો કરવો પડ્યો હતો.

## NEET-UG રિ-એક્ઝામ પહેલા સરકાર-NTAનો મોટો નિર્ણય, દેશભરમાં યોજાશે મોક ડ્રીલ

**સમય સંદેશઃ નવીદિલ્હી**

૨૧ જૂને યોજાનારી NEET UGની રિ-એક્ઝામને લઈને સરકાર અને નેશનલ ટેસ્ટિંગ એજન્સી એટલે કે ગઝઅ પૂરી રીતે એક્શન મોડમાં છે. આ પરીક્ષામાં કોઈપણ પ્રકારની ગેરરીતિ કે અનિયમિતતા રોકવા માટે આ વખતે અભૂતપૂર્વ સુરક્ષા વ્યવસ્થા કરવામાં આવી છે. આ કડક તૈયારીઓના ભાગરૂપે શનિવારે દેશભરના તમામ પરીક્ષા કેન્દ્રો પર એક વ્યાપક મોક ડ્રીલનું આયોજન કરવામાં આવ્યું છે.

પરીક્ષાને સંપૂર્ણપણે સુરક્ષિત અને પારદર્શક બનાવવા માટે શનિવારે સવારે ૯ વાગ્યાથી લઈને મોડી રાત સુધી મોક ડ્રીલ ચલાવવામાં આવશે. NTA દ્વારા દેશના તમામ પરીક્ષા કેન્દ્રોને અગાઉથી જ પોતાના નિયંત્રણમાં લઈ લેવામાં આવ્યા છે. આ મેગા ઓપરેશનમાં દેશભરમાંથી અંદાજે ૨.૫ લાખ જેટલા સુરક્ષાકર્મીઓ જોડાશે અને કાયદો-વ્યવસ્થાની સમીક્ષા કરશે.

આ વખતે પરીક્ષા માટે વિશેષ રૂપે થ્રી-લેયર સિક્યોરિટી એટલે કે ત્રિસ્તરીય સુરક્ષા કવચ તૈયાર કરવામાં આવ્યું છે. પ્રશ્નપત્રો અને ઉત્તરવહીઓને લાવવા, લઈ જવા તેમજ તેને સુરક્ષિત રાખવાની સંપૂર્ણ જવાબદારી અર્ધસૈનિક દળોને સોંપવામાં આવી છે. આ સિવાય દેશના ૫૦૦૦થી વધુ પરીક્ષા કેન્દ્રો પર લગાવેલા CCTV કેમેરાનું સીધું લાઈવ મોનિટરિંગ ગઝઅ ના મુખ્ય મથક પરથી કરવામાં આવશે.

પેપર લીકના ખોટા દાવા અને અફવાઓ ફેલાતી રોકવા માટે એક ઉચ્ચ સ્તરીય મોનિટરિંગ સેન્ટર


અનુ પાના નં.૨ પર


## પાવાગઢ ડુંગર પરથી ભેખડ ધસી પડતાં ૨ શ્રદ્ધાળુનાં મોત




**સમય સંદેશઃ પંચમહાલ**

પવિત્ર યાત્રાધામ પાવાગઢમાં શુક્રવારે એક ગમખ્વાર દુર્ઘટના સર્જાઈ. માચીથી ડુંગર તરફ જતાં પાટિયા પુલ નજીક અચાનક ભેખડ ધસી પડતા પગથિયા પર જઈ રહેલા શ્રદ્ધાળુઓ તેની નીચે દબાઈ ગયા હતા. આ દુર્ઘટનામાં બે શ્રદ્ધાળુના ઘટનાસ્થળે મોત થયા છે. જ્યારે ચાર લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે. આ દુર્ઘટના વહેલી સવારે પાંચ વાગ્યા આસપાસ બની હતી.

મુસાફરો પર પથ્થરો પડવાની આ ઘટનાની જાણ થતાં જ પાવાગઢના સરપંચ, સ્થાનિક પોલીસ પ્રશાસન, ફાયર બ્રિગેડ અને બચાવ ટુકડીઓ તાત્કાલિક અસરથી ઘટનાસ્થળે દોડી ગઈ હતી. રેસ્ક્યુ ટીમે ભારે જહેમત ઉઠાવીને પથ્થરો નીચે દબાયેલા તમામ યાત્રાળુઓને બહાર કાઢ્યા હતા. ઈજાગ્રસ્તોને ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે હાલોલની સરકારી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. બીજી તરફ, મૃતક યાત્રાળુઓના શબોને કાયદેસરની કાર્યવાહી માટે પોસ્ટમોર્ટમ અર્થે મોકલી અપાયા. હોસ્પિટલના સૂત્રોના જણાવ્યા મુજબ, કુલ ૪ ઈજાગ્રસ્તોમાંથી ૨ લોકોને સામાન્ય ઈજાઓ હોવાથી પ્રાથમિક સારવાર આપીને રજા આપી દેવામાં આવી છે, જ્યારે બાકીના ૨


અનુ પાના નં.૨ પર

## તંત્રી સ્થાનેથી..


### પરમાણું 'ક્રાંતિ?!'

પરમાણુ શક્તિ ધરાવતા શરૂઆતના પાંચ દેશો સિવાય ઘણા દેશો હવે એવી જ તાકાત મેળવી ચૂક્યા છે. એટલું જ નહીં પણ અનેક દેશો આર્થિક રીતે સમૃદ્ધ થઈને વિશ્વના મંચ ઉપર પોતાની ઝળહળતી હયાતી પુરવાર કરી રહ્યા છે. સંયુક્ત રાષ્ટ્રસંઘ દુનિયાની સૌથી મોટી પંચાયત સમાન છે. આવા બદલાયેલા માહોલમાં તેની ભૂમિકા નિશ્ચિત થાય તે જરૂરી છે અને તેમાં પ્રમુખ રાષ્ટ્રે વચ્ચેના સંબંધોમાં સત્તાની સમતુલા જળવાય તે જરૂરી છે. પણ આ યુનોના નવનિર્માણ માટે જે દેશો દબાણ કરી રહ્યા છે તે શું અત્યારે અન્યાય વિરુદ્ધ અવાજ ઉઠાવી રહ્યા છે ખરા? જે દેશો યુએનનું નવનિર્માણ ઈચ્છે છે તે દેશો ન્યાયપૂર્ણ દુનિયાનો પાયો રચી શકશે? બીજા વિશ્વયુદ્ધ પછીના ગાળામાં દુનિયા બે પક્ષોમાં વિભાજિત થઈ ગઈ, પરંતુ એ સમયે એવા દેશો અને નેતા પણ હયાત હતા જે બંને મહાસત્તાઓના ખોટા નિર્ણયોની જાહેરમાં ટીકા કરી શકતા અને તેમના આ કૃત્યને લીધે તેમને થનારું નુકસાન પણ હસતા હસતા સ્વીકારતા. અત્યારે જગત આખું અખાતી યુદ્ધના પડછાયામાં ઊભું છે. હવે આ યુદ્ધોત્તર વિશ્વ બદલાઈ ગયું છે, કારણ કે નવા વિશ્વ પર ઓઈલનો અભિષેક થયો છે. ઓઈલ સભાનતા હવે કોઈ કદી વીસરી નહિ શકે. બિન જોડાણવાદની તરફેણ કરનારા એ નેતાઓ એ સમયે માનતા હતા કે સત્યનો સાથ આપવાથી અને ખોટાનો વિરોધ કરવાથી જો તેના દેશને થોડું નુકસાન પહોંચે છે તો ભવિષ્યમાં એ નુક્સાનની ભરપાઈ થઈ જશે, પરંતુ દેશની સામુહિક સમજદારી જો સુષુપ્ત થઈ જશે તો તેને કારણે થનારા નુકસાનની ભરપાઈ ખૂબ કોશિશ કરવા છતાં પણ નહીં થઈ શકે. આવા દેશો અને તેના આવા બડકમદાર નેતાઓ ક્યાં ગયા? મીડિયાએ આજે એવું ઓડિયન્સ ઉભું કર્યું છે જે નાનામાં નાના સમુદાયને પડી રહેલી તકલીફોને પણ નજરઅંદાજ નથી કરતું. ઉપરાંત એક સામુદાયિક લોકનાદનું એ પ્રભાવક માધ્યમ છે. કોકરોચ જનતા પાર્ટી એનો છેલ્લો ઝબકારો છે. જગત આખું ઉઘાડું પડી ગયું છે અને કંઈ, કોઈ કે કાંઈ છૂપું રહેતું નથી! આવા સંજોગોમાં વધુ માનવતાસભર સંયુક્ત રાષ્ટ્રસંઘ બનાવવાની ચર્ચા થાય તે આવકારદાયક છે. કોઈ મહાસત્તા પણ સંયુક્ત રાષ્ટ્રસંઘનું નવનિર્માણ કરવામાં રસ લે એવું અત્યારે તો લાગતું નથી એટલે ભારતે રજૂ કરેલું યુનોની નવરચનાનું વિઝન ભલે અરણ્યગાન લાગે, પરંતુ આવનારા દાયકાઓમાં જગત આ ભારતવિચારનું મૂલ્ય સમજશે અને સ્વીકારશે. યુનો પાંચ દેશો ચીન, ફ્રાન્સ, રશિયા, અમેરિકા અને બ્રિટનના હાથનું રમકડું છે.





# હાલારના હાલહવાલ


## દ્વારકામાં ધારાસભ્ય પબુભા માણેકના નેતૃત્વમાં જનસંપર્ક અભિયાન યોજાયુંઃ કાર્યક્રમને સફળતા

### કેન્દ્ર સરકારની વિકાસયાત્રા તથા જનકલ્યાણકારી યોજનાઓની માહિતી અપાઇ

**સમય સંદેશઃ દ્વારકા**

કેન્દ્ર સરકારના ૧૨ વર્ષ પૂર્ણ થવાના અવસરે વિશ્વાસ, વિકાસ અને જનકલ્યાણના સંદેશ સાથે સમગ્ર દેશમાં ચાલી રહેલા વિશેષ જનસંપર્ક અભિયાન અંતર્ગત દ્વારકા શહેર ખાતે વિશેષ કાર્યક્રમ યોજાયો હતો. ૮૨ -દ્વારકા કલ્યાણપુર વિધાનસભા મતવિસ્તારના ધારાસભ્ય પબુભા માણેકની અધ્યક્ષતામાં યોજાયેલા આ જનસંપર્ક અભિયાન દરમિયાન શહેરના વિવિધ વિસ્તારોમાં નાગરિકો સાથે મુલાકાત કરી કેન્દ્ર સરકાર દ્વારા છેલ્લા ૧૨ વર્ષમાં કરવામાં આવેલા વિકાસકાર્યો તેમજ




વિવિધ જનહિતલક્ષી યોજનાઓ અંગે માહિતી આપવામાં આવી હતી. આ અભિયાન અંતર્ગત શહેર ભાજપ પ્રમુખ કિશનભાઈ વાયડા, પૂર્વ શહેર પ્રમુખ વિજયભાઈ બુજડ, નગરપાલિકા સદસ્ય ગોપાલભાઈ કણઝારીયા તેમજ મહામંત્રી વિમલભાઈ ચૌહાણ સહિતના આગેવાનો દ્વારા શહેરના ડો. સાગરભાઈ કાનાણીની મુલાકાત લેવામાં આવી હતી. આ મુલાકાત દરમિયાન કેન્દ્ર સરકારની વિકાસલક્ષી કામગીરી, લોકકલ્યાણ માટે અમલમાં મૂકાયેલી યોજનાઓ અને પ્રગતિના વિવિધ પાસાઓ અંગે ચર્ચા કરવામાં આવી હતી. ભાજપ ના આગેવાનો દ્વારા જનસંપર્ક અભિયાનના માધ્યમથી લોકો સુધી સરકારની ઉપલબ્ધિઓ પહોંચાડવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. કાર્યક્રમ દરમિયાન ઉપસ્થિત આગેવાનોએ જણાવ્યું હતું કે, વિકાસના કાર્યો અને જનકલ્યાણકારી યોજનાઓનો લાભ વધુમાં વધુ લોકો સુધી પહોંચે તે માટે જનસંપર્ક અભિયાન મહત્વપૂર્ણ બની રહ્યું છે.

## દેવભૂમિ દ્વારકામાં ૨૩થી૨૫ જૂન શાળા પ્રવેશોત્સવ યોજાશે

### ખંભાળીયામાં જીલ્લા કલેકટર રાજેશ તન્નાની અધ્યક્ષામાં આયોજન અંગે બેઠક યોજાઈ




**સમય સંદેશઃ દ્વારકા**

આગામી તા. ૨૩ થી ૨૫ જૂન દરમ્યાન સમગ્ર રાજ્યમાં શાળા પ્રવેશોત્સવ યોજાનાર છે. દેવભૂમિ દ્વારકા જિલ્લામાં વિવિધ શાળાઓમાં ત્રિદિવસીય શાળા પ્રવેશોત્સવની ઉજવણી કરવામાં આવનાર છે. જેના સુચારુ આયોજન અને પૂર્વતૈયારીઓ અંગે ખંભાળિયામાં જિલ્લા કલેક્ટર રાજેશ તન્નાની અધ્યક્ષતામાં કલેક્ટર કચેરી ખાતે બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં કલેક્ટર દ્વારા ડ્રોપ આઉટ બાળકોના પૂનઃ એડમિશન માટે કરાયેલ સર્વે અને રી-સર્વે કામગીરીને બિરદાવી હતી અને પ્રવેશોત્સવ અંતર્ગત વિવિધ રૂટ અને અન્ય પૂર્વતૈયારીઓ માટે જરૂરી માર્ગદર્શન આપ્યું હતું. જિલ્લામાં બાલવાટિકામાં ૩૦૨૦ કન્યા અને ૩૦૨૭ કુમાર મળીને કુલ ૬૦૪૭ વિદ્યાર્થીઓ, ધોરણ ૧ માં ૨૮૫ કન્યા અને ૨૭૭ કુમાર મળીને ૫૬૧ વિદ્યાર્થીઓ, ધોરણ ૯ માં ૨૪૮૫ કન્યા અને ૨૫૭૮ કુમાર મળીને કુલ ૫૦૬૩ વિદ્યાર્થીઓ પ્રવેશ મેળવશે.

## ચડત ભરણપોષણના કેસમાં ૭૦ દિવસની જેલ

**સમય સંદેશઃ જામનગર**

જામનગરના એક આસામી ને ચઢત ભરણપોષણના કેસમાં અદાલતે સીતેર દિવસની કેદની સજા ફટકારી છે. જામનગરના હુસૈનાબેન શબ્બીરહુસૈન લાખા નામના પરિણીતાએ નગરના પાંચ હાટડી વિસ્તારમાં રહેતા પતિ શબ્બીરહુસૈન મજીદભાઈ લાખા તથા સાસરીયાવાળા વિરુદ્ધ ઘરેલું હિંસાના કાયદા અંતર્ગત અદાલતમાં કેસ કર્યો હતો અને ભરણપોષણ માંગ્યું હતું. અદાલતે ભરણપોષણ ચૂકવવા કરેલા હુકમ પછી તેની ચડત રકમ જમા ન કરાવાતાં અદાલતએ પતિ શબ્બીરહુસૈન મજીદ લાખા (કસાઈ) ને ૭૦ દિવસ ની જેલ ની સજા નો હુકમ કરી જામનગર જીલ્લા જેલ માં મોકલી આપ્યો છે. અરજદાર હુસૈના શબ્બીરહુસૈન લાખા તરફે વકીલ ઉંમર એ. લાકડાવાલા રોકાયા હતા

## ૧૧૨ જેટલાં આંગણવાડી કાર્યકર્તાઓના સામૂહિક રાજીનામાથી વ્યવસ્થા ખોરવાઈઃ અનેક કેન્દ્રોને તાળાં




**સમય સંદેશઃ જામનગર**


જામનગર સહિતના વિસ્તારોમાં વિવિધ પડતર માંગણીઓ અને વહીવટી પ્રશ્નોને લઈને ૧૧૨ જેટલા આંગણવાડી કાર્યકર્તા બહેનોએ એકસાથે સામૂહિક રાજીનામું ધરી દેતાં આંગણવાડી કેન્દ્રોની કામગીરી સંપૂર્ણપણે ઠપ્પ થઈ ગઈ છે. આ સામૂહિક રાજીનામાના પગલે અનેક આંગણવાડીઓને તાળાં લાગી ગયા છે, જેના કારણે નાના બાળકોના પોષણ, શિક્ષણ અને આરોગ્યલક્ષી સેવાઓ ખોરવાઈ જતાં સ્થાનિક તંત્રમાં ભારે દોડધામ મચી ગઈ છે.

## ભાણવડમાં અબોલ જીવની વહારે 'એનિમલ લવર્સ': લોહીલુહાણ હાલતમાં ભટકતા ઉંટને આપ્યું નવજીવન



ભાણવડના વેટરનરી ડોક્ટર શિવમ વિસાવાડિયા અને એનિમલ લવર્સ ટીમ દ્વારા તાત્કાલિક સ્થળ પર પહોંચી ઊંટની સઘન સારવાર કરી તેને અસહ્ય પીડામાંથી મુક્તિ અપાવી હતી. આ અબોલ જીવને કાયમી સુરક્ષા મળે તે માટે ટીમ દ્વારા યોગ્ય શેલ્ટર હોમની તપાસ ચાલુ છે, જ્યાં સુધી આશરો ન મળે ત્યાં સુધી સંસ્થા પોતે તેની દેખરેખ રાખશે. એનિમલ લવર્સ ટીમની આ તાકીદની સેવાની પંથકમાં સરાહના થઈ રહી છે.

## જામનગરમાં રાંધણગેસનો બાટલો સળગતાં દોડધામ




**સમય સંદેશઃ જામનગર**

જામનગર શહેરમાં મહાપ્રભુજીની બેઠક પાસે આવેલી તુલીપ સોસાયટીના એક મકાનમાં ગેસ સિલિન્ડર પાસે આગ લાગી છે. બનાવની જાણ મળતા જ ફાયર બ્રિગેડની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી અને આગ વધુ વિકરાળ સ્વરૂપ ધારણ કરે તે પહેલાં જ તેના પર સંપૂર્ણ કાબૂ મેળવી લીધો હતો. સદનસીબે આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ હોવાનું સામે આવ્યું નથી. જોકે આગ લાગવાનું ચોક્કસ કારણ શું હતું તે અંગે વધુ તપાસ કરવામાં આવી રહી છે.

## ખંભાળિયા નજીકથી દરિયાઈ જીવ સૃષ્ટિ અને વન્ય જીવોની મુલ્યવાન વસ્તુઓ સાથે ત્રણ શખ્સોની અટકાયત

### એમ્બરગ્રીસ, કસ્તુરી અને સિંહોના નખ સહિત ૧.૭ કરોડનો મુદામાલ કબજે કરાયો






ખંભાળિયા-જામનગર હાઈ- વે પર આવેલ સર્વિસ રોડ પરથી ચાલીને પસાર થતાં ત્રણ શખ્સને ચોક્કસ બાતમીના આધારે એસઓજી પોલીસે અટકાવ્યા હતાં અને બાદમાં તેઓની તલાસી લેતાં તેમના કબજામાંથી પ્રતિબંધિત એમ્બરગ્રીસ, કસ્તુરી અને સિંહના નખ મળી આવતાં કુલ મળી રુ. ૧.૭ કરોડનો મુદ્દામાલ સાથે રાકેશ ભગવાનભાઈ સાખટ, લાખાભાઈ બાલાભાઈ ડોડીયા અને ફિરોઝ મામખભાઈ મકવાણા નામના ત્રણ શખ્સોને ઝડપી લેવામાં આવ્યા છે અને આગળની કાર્યવાહી હાથ ધરી ઝડપાયેલા શખ્સને મરીન નેશનલ પાર્ક ઓફિસ, ખંભાળિયા ખાતે સુપ્રત કરવામાં આવ્યા છે.

## મહાનગરપાલિકામાં વિપક્ષી નેતાની ખાલી ચેમ્બર શાસકજૂથના નેતાને અપાઇ

**સમય સંદેશઃ જામનગર**

જામનગર મહાનગરપાલિકાની ૧૬ વોર્ડ ની ૬૪ બેઠક માટેની સામાન્ય ચૂંટણી યોજાઈ હતી. જેમાં ભાજપ ને ૬૦ બેઠકો મળી હતી. જ્યારે બે બેઠક આમ આદમી પાર્ટી અને બે બેઠક કોંગ્રેસ ને ફાળે ગઈ હતી. નિયમ કરતા વિપક્ષના સભ્યોની સંખ્યા ઓછી હોવાથી તેમને ચેમ્બર ફાળવી શકાય એમ નથી આથી ગત ટર્મ મા રહેલ વિપક્ષ ના નેતા ની સુવિધા સભર ચેમ્બર શાસક પક્ષ ના નેતા અમર મોદી ને ફાળવી દેવામાં આવી છે. જ્યારે શાશક પક્ષ ના મહિલા કોર્પોરેટરો માટે સ્ટેન્ડિંગ કમિટી ના ચેરમેન ચેમ્બર ની નજીક માં આવેલી ઓફિસ ફાળવવામાં આવી છે. બીજી તરફ શાસક પક્ષના નેતા અમર મોદી ને મહાનગરપાલિકા દ્વારા મોટર ફાળવવા માં આવી છે. પરંતુ હજી સુધી તેમણે આ સરકારી વાહનનો ઉપયોગ કર્યો નથી. અને કચેરી માં આવન જાવન માટે પોતાના ખાનગી વાહનનો ઉપયોગ કરી રહ્યા છે.

## જામનગરઃ શિપિંગ કંપનીની સાઈટ ઓફિસમાંથી ૫૧ હજારની ચોરી

**સમય સંદેશઃ જામનગર**

જામનગર જિલ્લાના સિક્કા દરિયાકાંઠે આવેલી શ્રીજી શિપિંગ બાર્જ બનાવવાની સાઇટની ઓફિસમાંથી અજાણ્યા શખ્સોએ રૂ. ૫૧,૫૦૦ કિંમતના મિશ્ર ધાતુના પાંચ બુશ ચોરી કરી જતાં પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે. ફરિયાદી દિલીપસિંહ નારણજી કંચવા (ઉ.વ. ૬૫), સાઇટ ઇન્ચાર્જ, દ્વારા નોંધાવવામાં આવેલી ફરિયાદ મુજબ તા. ૮ જૂન, ૨૦૨૬ના રોજ રાત્રે અંદાજે ૧:૩૦થી ૨:૩૦ વાગ્યાની વચ્ચે સિક્કા દરિયાકાંઠે આવેલી શ્રીજી સાઇટની ઓફિસમાંથી અજાણ્યા ચોરોએ મિશ્ર ધાતુના બુશ નં. ૫, કુલ કિંમત રૂ. ૫૧,૫૦૦ની ચોરી કરી હતી. બનાવ અંગે પોલીસમાં ફરિયાદ નોંધાતા ભારતીય ન્યાય સંહિતા (ઇગજ) ૨૦૨૩ની કલમ ૩૦૫(એ), ૩૩૧(૪) અને ૫૪ હેઠળ ગુનો નોંધી પોલીસે અજાણ્યા ચોરોની શોધખોળ શરૂ કરી છે.

## અનુસંધાન

### શ્વાન પર તૂટી પડ્યો

(પાના નં. ૪ થી આગળ)

નથી, તે સમાજના કોઈ પણ વ્યક્તિ માટે ખતરો બની શકે છે. જો આવા ગુનેગારો ખુલ્લેઆમ ફરશે, તો કાલે કોઈનું બાળક પણ સુરક્ષિત નહીં રહે. મૂંગા જીવ બોલી શકતા નથી, તેથી અમે તેમનો અવાજ બનીને તંત્રને અપીલ કરીએ છીએ કે આવા શખ્સો સામે કડકમાં કડક પગલાં લેવામાં આવે.'' હાલમાં, વાહન નંબરના આધારે આ શખ્સ સામે પશુ ક્રૂરતા નિવારણ અધિનિયમ હેઠળ કાયદેસરની કાર્યવાહી કરવા માટે પોલીસ તંત્ર સમક્ષ જોરદાર માંગ ઉઠાવવામાં આવી છે.

### ધાર્મિક તહેવારોમાં

(પાના નં. ૩ થી આગળ)

માટે એક જ કાયદો બનાવવો જોઈએ અને જો મોહરમમાં છરી ચાકા ની છૂટ હોય તો હિન્દુ તહેવારોમાં પણ તલવારોની છૂટ આપવી જોઈએ તેવી ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ તથા ગૃહ મંત્રી હર્ષભાઈ સંઘવીને હિન્દુ સેના ગુજરાત અધ્યક્ષ પ્રતિક ભટ્ટ દ્વારા સનાતન ધર્મની આસ્થા અને શ્રદ્ધા સાથે છેડછાડ ન થાય અને હિન્દુ ધર્મને ન્યાય મળે તેવી માંગણી હિન્દુ સેના ગુજરાતના અધ્યક્ષ પ્રતીક ભટ્ટે કરી હતી.

### ટ્રેન હડફેટે આવી

(પાના નં. ૩ થી આગળ)

નાનાભાઇ પારસભાઇ સુદાભાઇ ખાંભલાએ પોલીસને જાણ કરતાં સિટી બી ડિવિઝન પોલીસ મથકના હેડ કોન્સ્ટેબલ એસ.એ.મકવા સહિતનો સ્ટાફ હોસ્પિટલ ખાતે પહોંચ્યો હતો. પોલીસે મૃત્તદેહનો કબ્જો સંભાળી પીએમ સહિતની કાર્યવાહી કરાવી આ બનાવ અંગે વધુ તપાસ હાથ ધરી છે.

### મોદી કડક મિજાજ

(પાના નં. ૧ થી આગળ)

વખાણ કર્યા હોય. આ પૂર્વે ફ્રાન્સમાં યોજાયેલી G7 શિખર સંમેલન દરમિયાન વડાપ્રધાન મોદી સાથે મુલાકાત કર્યા બાદ પણ અમેરિકી રાષ્ટ્રપતિએ તેમના વ્યક્તિત્વના ભારોભાર વખાણ કર્યા હતા. તે સમયે એક સત્તાવાર લંચ દરમિયાન ટ્રમ્પે રમુજી પરંતુ માનભર્યા અંદાજમાં કહ્યું હતું કે, ''હું વડાપ્રધાન નરેન્દ્ર મોદી જેટલો શાંત સ્વભાવનો નથી. પીએમ મોદી વિપરીત પરિસ્થિતિઓમાં પણ એકદમ શાંત, સંયમિત અને બેહદ પ્રભાવશાળી રહે છે, જ્યારે મારો સ્વભાવ તેમનાથી તદ્દન અલગ છે.''

આ વૈશ્વિક પ્રશંસાની વચ્ચે એક બહુ મહત્વના રાજકીય સમાચાર પણ સામે આવ્યા છે. ભારતમાં તૈનાત અમેરિકી રાજદૂત સર્જિયો ગોરએ સોશિયલ મીડિયા પર એક અત્યંત મહત્વપૂર્ણ સત્તાવાર દસ્તાવેજ શેર કર્યો છે. આ દસ્તાવેજ અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા વડાપ્રધાન નરેન્દ્ર મોદીને મોકલવામાં આવેલું એક વિશેષ આમંત્રણ પત્ર છે, જેમાં પીએમ મોદીને 'ગાઝા બોર્ડ ઓફ પીસ'નો હિસ્સો બનવા માટે આગ્રહપૂર્વક વિનંતી કરવામાં આવી છે.

### રિલાયન્સ

(પાના નં. ૧ થી આગળ)

પેઢીની મજબૂત પકડ અને નેતૃત્વના સંકેત તરીકે જોઈ રહ્યા છે. વર્ષ ૨૦૧૬માં શરૂ થયા પછી જિયોએ ભારતના ટેલિકોમ સેક્ટરની કાયાપલટ કરી નાખી છે અને આજે તે કરોડો ગ્રાહકો સાથે દેશની સૌથી મોટી ટેલિકોમ કંપની બની ગઈ છે. માત્ર ટેલિકોમ જ નહીં, પણ જિયો હવે ડિજિટલ સર્વિસિસ, ક્લાઉડ અને આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (AI) જેવા ક્ષેત્રોમાં પણ ખૂબ ઝડપથી આગળ વધી રહી છે. મુકેશ અંબાણીએ પૂરા ભરોસા સાથે જણાવ્યું હતું કે, 'જિયોનું લિસ્ટિંગ સમગ્ર વિશ્વને બતાવી આપશે કે ભારત વૈશ્વિક સ્તરની અને પાવરફુલ ટેક્નોલોજી કંપનીઓ બનાવવાની પૂરી ક્ષમતા ધરાવે છે.' આ સાથે જ તેમણે નવા રોકાણકારોને ખાતરી આપી છે કે જિયોનું ભવિષ્ય ખૂબ જ ઉજ્જવળ છે.

### ટેલિગ્રામ પર પ્રતિબંધ

(પાના નં. ૧ થી આગળ)

હોવાનો દાવો કરીને યુઝર્સને એક્સેસ વેચી રહ્યા છે. અહેવાલો અનુસાર, સ્કેમર્સ પરીક્ષા પૂર્ણ થયા બાદ ટેલિગ્રામના 'મેસેજ-એડિટિંગ' ફીચરનો ઉપયોગ કરીને પ્રશ્નો અપલોડ કરે છે અને લોકોને ગુમરાહ કરવાનો પ્રયાસ કરે છે, જેનાથી સમગ્ર મામલો વધુ જટિલ બન્યો છે.

### રિ-એક્ઝામ

(પાના નં. ૧ થી આગળ)

કાર્યરત કરવામાં આવ્યું છે, જે સોશિયલ મીડિયાના તમામ પ્લેટફોર્મ પર ચોવીસે કલાક નજર રાખશે. આ સમગ્ર મહાપરીક્ષા પર દેશની તમામ તપાસ એજન્સીઓ, જિલ્લા પ્રશાસન તેમજ કેન્દ્ર અને રાજ્ય સરકારોના વરિષ્ઠ અધિકારીઓ સીધું ઓન-ગ્રાઉન્ડ નિયંત્રણ રાખશે.

### પાવાગઢ ડુંગર

(પાના નં. ૧ થી આગળ)

શ્રદ્ધાળુઓ હાલ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. વહીવટી તંત્ર દ્વારા વધુ દુર્ઘટના નિવારવા માટે હાલ પૂરતી તમામ લોકોની અવરજવર પર પ્રતિબંધ લગાવી માર્ગ બંધ કરી દેવાયો છે. પ્રશાસન દ્વારા આર.એન્ડ.બી., ફોરેસ્ટ, પોલીસ અને મહેસૂલ તંત્રની એક સંયુક્ત કમિટી બનાવીને આખા રૂટનું ઝીણવટભર્યું રી-ઇન્સ્પેક્શન હાથ ધરવામાં આવ્યું છે. ડુંગર પર આવા અન્ય કોઈ જોખમી સ્પોટ્સ હશે તો તેને આઇડેન્ટિફાય કરી, જરૂરી કરેક્શન અને મરામત કર્યા બાદ જ આ માર્ગ યાત્રાળુઓ માટે ફરીથી ખુલ્લો મુકવામાં આવશે.

**સરકારમાન્ય બૉન્ડ રાઈટર**

સરકારી સોગંદનામા, ભાડા કરાર,
વેંચાણ કરાર, દસ્તાવેજી રજિસ્ટ્રેશન,
કુલમુખત્યારનામા ગુજરાતી તથા અંગ્રેજીમાં.

નોટરીને લગતાં કામ માટે મળો

**અભિજીત જયંતકુમાર દવે**

મો.૮૪૬૦૪૫૯૫૨૦, ૮૮૬૬૮૮૧૯૯૯

# પરિમલભાઈ નથવાણી સતત ચોથીવાર સાંસદ બનતા ખંભાળીયામાં ભવ્ય આવકાર







**સમય સંદેશઃ ખંભાળિયા**

ખંભાળિયાના મૂળ વતની, રઘુવંશી જ્ઞાતિના પીઢ દાતા અને રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના સિનિયર ગ્રુપ પ્રેસિડેન્ટ પરિમલભાઈ નથવાણી ઝારખંડ બેઠક પરથી સતત ચોથી ટર્મ માટે રાજ્યસભાના સાંસદ તરીકે ચૂંટાઈ આવ્યા છે. ભારે ઉત્તેજના અને રસાકસીભરી બનેલી આ ચૂંટણીમાં અપક્ષ ઉમેદવાર તરીકે ઊભેલા પરિમલભાઈને નોંધપાત્ર ૨૮ મત મળ્યા હતા. તેમણે પોતાના કોંગ્રેસના હરીફ ઉમેદવારને પરાજય આપીને આ ભવ્ય વિજય મેળવ્યો છે, જે બદલ તેમણે વડાપ્રધાન નરેન્દ્ર મોદી, ભાજપના શીર્ષ નેતૃત્વ અને ઝારખંડના નેતાઓનો આભાર માન્યો છે.

પરિમલભાઈની જીતના સમાચાર મળતા જ તેમના વતન ખંભાળિયામાં ભારે ઉત્સાહ અને ખુશીનો માહોલ છવાઈ ગયો હતો. નગર ગેઈટ નજીક શ્રીરામ ગ્રુપ (મોટાણી) પરિવાર દ્વારા ભવ્ય આતશબાજી અને મીઠાઈ વિતરણ કરાયું હતું. આ ઉપરાંત જોધપુર ગેઈટ ચોક ખાતે લોહાણા મહાજન, ભાજપના આગેવાનો અને ચાર રસ્તા વિસ્તારમાં વિજય સિનેમા ગ્રુપ દ્વારા ફટાકડા ફોડી જશ્ન મનાવાયો હતો. આ વિજય ઉત્સવમાં લોહાણા મહાજનના ટ્રસ્ટીઓ, શહેર તેમજ જિલ્લા ભાજપના હોદ્દેદારો અને સ્થાનિક અગ્રણીઓ મોટી સંખ્યામાં જોડાયા હતા.

પરિમલભાઈ નથવાણીની આ જીત સાથે જ હવે દેશની સંસદમાં હાલાર (જામનગર-દેવભૂમિ દ્વારકા) પંથકનું પ્રતિનિધિત્વ અને ખંભાળિયાનું રાજકીય કદ ખૂબ વધી ગયું છે. લોકસભાના સાંસદ પૂનમબેન માડમ તથા તાજેતરમાં જ રાજ્યસભાના સાંસદ બનેલા ખંભાળિયાના જીતેન્દ્રભાઈ કણજારીયાની સાથે હવે પરિમલભાઈ નથવાણી પણ સંસદમાં બેસશે. આમ, હાલાર પંથકના કુલ ત્રણ સાંસદો હવે સંસદ ભવનમાં વિસ્તારનું પ્રતિનિધિત્વ કરશે, જેને લઈને સ્થાનિક લોકોમાં ભારે ગર્વની લાગણી છે.

## જામનગરમાં દંપતિ ઉપર પડોશમાં રહેતા ત્રણ શખ્સો દ્વારા હુમલો

**સમય સંદેશઃ જામનગર**

જામનગર શહેરના દિ-પ્લોટ-૫૮ હિંગળાજ ચોકમાં રહેતા નીકીતાબેન રોહીતભાઈ નંદાએ પાડોશી એવા જગદિશ રમણીકભાઈ નંદા, જશોદાબેન જગદિશભાઈ નંદા અને સચીન જગદિશ નંદા સામે કરેલી ફરિયાદમાં જણાવાયા અનુસાર ફરીયાદીના ઘરે કડીયા કામ ચાલુ હોવાથી સિમેન્ટ, કાકરી આરોપીઓના ઘર તરફ પડતું હોવાનું કહી આરોપીઓએ ઝઘડો કર્યો હતો.

આરોપી જગદિશે ફરીયાદીના વાળ પકડી નિચે પછાડી ઢીકાપાટુનો માર મારી છરી તથા પથ્થર વડે હુમલો કરતાં ફરિયાદીને સારવારમાં ૧૦ ટાકા લેવા પડયા હતા. ફરીયાદીના પતિ રોહીતભાઈ વચ્ચે પડતા આરોપીએ પથ્થર અને છરીનો છુટો ઘા કરતા ઈજા થઈ હતી. ઉપરાંત મારામારીના અન્ય બનાવની વિગત અનુસાર પ્રવિણભાઈ કચરાભાઈ રૂડાચ (રહે. મીઠોઈ) એ આરોપી જુવાનસિંહ ઉર્ફે મુન્નો મહોબતસિંહ જાડેજા (રહે.મીઠોઇ) સામે ફરિયાદ નોંધાવી જણાવ્યું કે, આરોપી ને ફરીયાદી બાઇક લઈ મોડપર પાટીયા પાસે પેટ્રોલ ભરાવવા ગયા હતા. ત્યારે આરોપીનું સ્કુટર ફરીયાદીના બાઇક કને અડી જતા ફરીયાદીએ સ્કુટર સરખુ રાખવા કહેતા આરોપી ગાળો આપી જતો રહ્યો હતો. બાદમાં આરોપીએ મીઠોઈ ગામે લોખંડના પાઈપ વડે ફરીયાદીના માથા પર એક ઘા મારતા તેને ૧૧ ફરિયાદના આધારે મેઘપર પોલીસે તપાસ હાથ ધરી છે.

## ધાર્મિક તહેવારોમાં હથિયાર બાબતે ભેદભાવનો વિરોધ કરતી હિન્દુસેના

**સમય સંદેશઃ જામનગર**



જામનગરમાં હિન્દુ તહેવારોમાં શિવજી રામજી માતાજી એટલે કે દેવી-દેવતાના શક્તિના પ્રતિક રૂપી તલવાર પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો, ઘણા સમય પહેલા છરી ચાકા, ભાલા, ત્રિશૂળ જેવા શસ્ત્રો પર પ્રતિબંધ મુકાયો ત્યારબાદ ફરી એક વર્ષથી હિન્દુ શસ્ત્રનું પ્રતિક એવી તલવાર પર પણ પ્રતિબંધ મૂકી હિન્દુઓના ધાર્મિક તહેવાર તેમજ હિન્દુઓની આસ્થા પર વજ્રઘાત થયેલો છે. ધાર્મિક આસ્થાને લઈ ભારતમાં અલગ અલગ સાંપ્રદાય ફેલાયેલા છે પરંતુ સનાતન ધર્મ એક જ છે જેમાં તલવારને શક્તિના સ્વરૂપ તરીકે ઓળખાય છે કેમકે કોઈ પણ દેવી કે દેવતા શસ્ત્રો વિના સજજ નહીં હોય. હાલમાં મુસ્લિમોનો તહેવાર ચાલતો હોય જેમાં પોતાની ધાર્મિક આસ્થાને લઈ છરી ચાકાઓ રાખવાની અને જાહેરમાં ફરવાની મહોરમના દસ દિવસ પહેલેથી છૂટ મળતી હોય તે કદાચ યોગ્ય હોઈ શકે. પરંતુ સનાતન ધર્મમાં હિન્દુઓની આસ્થાને ચોટ આવી રહી છે. આવા સમયે કાયદાને સર્વોપરી ગણી તમામ સંપ્રદાયો

અનુ પાના નં.૨ પર

## જામનગરમાં દુર્ઘટના બાદ ડિમોલેશન કામગીરી સ્થગિતઃ કસ્ટમ હાઉસ-ગીતાલોજની સ્ટ્રક્ચરલ ચકાસણી કરાશે

**સમય સંદેશઃ જામનગર**

જામનગરમાં ગ્રેઇન માર્કેટ નજીક ગુરૂવારે ડિમોલેશન કામગીરી ચાલી રહી હતી ત્યારે બિલ્ડીંગની છતનો એક ભાગ અચાનક ધરાશાયી થયો હતો. આ દુર્ઘટનામાં સુનિલ દિનેશભાઈ પરમાર (ઉંમર ૨૬), પ્રકાશ જીવાભાઈ ડાભી (ઉંમર ૩૬) અને મુન્નાભાઈ જીવાભાઈ ડાભી (ઉંમર ૩૮) કાટમાળ નીચે દબાઈ ગયા હતા.

ઘટનાની જાણ થતાં જ જામનગર મહાનગરપાલિકાના ફાયર વિભાગ, એસ્ટેટ શાખા અને ૧૦૮ ઇમરજન્સી સેવાની ટીમો તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી. તેમણે બચાવ કામગીરી હાથ ધરી ત્રણેય શ્રમિકોને સુરક્ષિત રીતે બહાર કાઢી સારવાર માટે જી.જી. હોસ્પિટલ ખસેડ્યા હતા. દુર્ઘટના બાદ મહાનગરપાલિકાના અધિકારીઓએ કસ્ટમ હાઉસ બિલ્ડીંગ તેમજ ત્રણબત્તી વિસ્તારમાં આવેલી ગીતાલોજ બિલ્ડીંગ ખાતે ચાલી રહેલી ડિમોલેશન કામગીરીનું પુનઃ નિરીક્ષણ કર્યું. સુરક્ષાને સર્વોચ્ચ પ્રાથમિકતા આપતા, બંને સ્થળે ડિમોલેશન કામગીરી હાલ પૂરતી રોકી દેવામાં આવી છે.

મહાનગરપાલિકાના સિક્યુરિટી વિભાગના અધિકારી અનવર ગજ્જણના જણાવ્યા અનુસાર, કસ્ટમ હાઉસ અને ગીતાલોજ બિલ્ડીંગ સહિત બંને સ્થળે સ્ટ્રકચરલ સ્ટેબિલિટીની વિગતવાર ચકાસણી અને તકનિકી મૂલ્યાંકન કરવામાં આવશે. નિષ્ણાતોની મંજૂરી અને સુરક્ષાની સંપૂર્ણ ખાતરી મળ્યા બાદ જ ડિમોલેશનની કાર્યવાહી ફરી શરૂ કરાશે. જામનગર મહાનગરપાલિકાની ટીમ ઇજાગ્રસ્ત શ્રમિકોની સારવાર અને જરૂરી સહાય માટે સતત સંપર્કમાં છે. તબીબોના જણાવ્યા મુજબ, ત્રણેય શ્રમિકોની તબિયત સ્થિર છે અને તેઓ સારવારને સારો પ્રતિસાદ આપી રહ્યા છે.

મહાનગરપાલિકાએ નાગરિકોને અપીલ કરી છે કે ડિમોલેશન સ્થળોની આસપાસ બિનજરૂરી ભીડ ન કરે. સુરક્ષા માટે નિર્ધારિત વિસ્તારથી દૂર રહેવા અને તંત્રને સહકાર આપવા પણ જણાવાયું છે. બંને સ્થળે સુરક્ષાના તમામ પાસાઓની ચકાસણી પૂર્ણ થયા બાદ જ આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

## પ્રાકૃતિક કૃષિ : પર્યાવરણ, આરોગ્ય અને ખેડૂતોની સમૃદ્ધિ તરફનું સશક્ત પગલું

### જામનગર જિલ્લામાં અંદાજીત ૯૦૦૦ ખેડૂતોએ પ્રાકૃતિક કૃષિ પદ્ધતિ અપનાવી : વર્ષ ૨૦૨૫-૨૬ દરમિયાન ૧૨૧૦ તાલીમોમાં ૨૮૬૦૦ ખેડૂતોને પ્રાકૃતિક કૃષિની તાલીમ આપવામાં આવી : જિલ્લામાં ૨૧૬ પ્રાકૃતિક કૃષિના મોડેલ ફાર્મ વિકસાવવામાં આવ્યા







તસવીરઃ હિરેન ગાંધી

**સમય સંદેશઃ જામનગર**

સરકાર દ્વારા પર્યાવરણમૈત્રી અને ટકાઉ ખેતીને પ્રોત્સાહન આપવા માટે ચલાવવામાં આવી રહેલા સર્વાંગી અભિયાનના ભાગરૂપે જામનગર જિલ્લામાં નોંધપાત્ર પ્રગતિ જોવા મળી છે. જિલ્લામાં અત્યાર સુધીમાં અંદાજે ૯,૦૦૦ ખેડૂતોએ રાસાયણિક ખાતરો અને જંતુનાશકોનો ત્યાગ કરીને પ્રાકૃતિક ખેતી અપનાવી છે. વર્ષ ૨૦૨૫-૨૬ દરમિયાન ખેડૂતોને સશક્ત બનાવવા માટે ૧૪૦ ક્લસ્ટરમાં ૧,૨૧૦ જેટલી તાલીમો આપી ૨૮,૬૦૦થી વધુ ખેડૂતોને માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું છે, જ્યારે નેશનલ મિશન ઓન નેચરલ ફાર્મિંગ હેઠળ કુલ ૧૫,૭૦૪ ખેડૂતોનું રજિસ્ટ્રેશન કરવામાં આવ્યું છે.

પ્રાકૃતિક કૃષિના મુખ્ય આધાર સમાન દેશી ગાયના નિભાવ માટે જામનગર જિલ્લામાં અત્યાર સુધીમાં ૧,૮વફક્ષમહયલ્૭ લાભાર્થીઓને ₹૧૭૦.૪૨ લાખની આર્થિક સહાય ચૂકવવામાં આવી છે. આ ઉપરાંત, અન્ય ખેડૂતોને પ્રેરણા આપવા અને આ પદ્ધતિ પ્રત્યક્ષ સમજાવવા માટે જિલ્લામાં ૨૧૬ જેટલા 'મોડેલ ફાર્મ' તૈયાર કરવામાં આવ્યા છે. પ્રાકૃતિક ખેતી માટે જરૂરી એવા જીવામૃત, ઘન જીવામૃત અને બીજામૃત જેવા દેશી ઇનપુટ્સ સરળતાથી મળી રહે તે માટે ૧ ગૌશાળા અને ૨૯ ખેડૂત જૂથ/સખી મંડળી મળી કુલ ૩૦ સ્થળોએ 'ઇનપુટ રિસોર્સ સેન્ટર' શરૂ કરાયા છે.

ખેડૂતોને પોતાની પ્રાકૃતિક પેદાશોનું યોગ્ય વળતર મળી રહે તે માટે જિલ્લા કક્ષાએ ૪, તાલુકા કક્ષાએ ૪ અને ક્લસ્ટર કક્ષાએ ૩૦ જેટલા સ્થળોએ વેચાણ કેન્દ્રો ઊભા કરવામાં આવ્યા છે. આ વ્યવસ્થાથી ગ્રાહકોને રાસાયણિક અવશેષમુક્ત સ્વાસ્થ્યપ્રદ ખોરાક મળી રહ્યો છે. વધતા પર્યાવરણીય પ્રદૂષણ અને આરોગ્યના પડકારો વચ્ચે જામનગર જિલ્લાના ખેડૂતોનો આ સકારાત્મક પ્રતિસાદ દર્શાવે છે કે પ્રાકૃતિક કૃષિ માત્ર ખેતી ખર્ચ ઘટાડીને આવક વધારવાનું સાધન નથી, પરંતુ આવનારી પેઢીના સુરક્ષિત ભવિષ્યની મજબૂત આધારશિલા છે.

## પ્રિ-મોન્સુન કામગીરી લોટ-પાણી'ને લાકડાઃ અનેક કેનાલો જામ

### કમિશનરને આધાર-પુરાવા સાથે રજૂઆતઃ મેયર પાસે સરપ્રાઇઝ ચેકિંગની માંગ






તસવીરઃ હિરેન ગાંધી

**સમય સંદેશઃ જામનગર**

દરેડથી રણમલ તળાવ સુધી તેમજ સાત રસ્તા, એરફોર્સ ગેઈટ, ગુલાબનગર, ખંભાળિયા ગેઇટ અને આજુબાજુના વિસ્તારોમાંથી પસાર થતી કેનાલો હાલમાં ગારો, કીચડ, મોટા પથ્થરો, જંગલી બાવળો અને માટીથી ભરાયેલી છે. સાધના કોલોની, પટેલ પાર્ક, સમર્પણ હોસ્પિટલ, બેડી અને નવાગામ ઘેડ સહિતના અનેક વિસ્તારોની કેનાલોમાં હજુ સુધી પ્રિ-મોન્સુન કામગીરી હેઠળ સફાઈ કરવામાં આવી નથી. જો તાકીદે આ કેનાલો સાફ નહીં થાય, તો ચોમાસામાં સ્થાનિક લોકોના ઘરોમાં વરસાદી પાણી ઘૂસી જવાની અને જાન-માલનું મોટું નુકસાન થવાની ભીતિ સેવાઈ રહી છે.

આ ગંભીર સમસ્યા અંગે જાગૃત નાગરિક રમેશ કટારમલ અને માજી કોર્પોરેટર ધિરજબેન કટારમલ દ્વારા મહાનગરપાલિકાના કમિશનર, સબડિવિઝનલ મેજીસ્ટ્રેટ તેમજ અન્ય પદાધિકારીઓને લેખિત ફરિયાદ કરવામાં આવી છે. રજૂઆત સાથે વર્ષ ૨૦૦૦ના એસ.ડી.એમ.ના એક હુકમની નકલ પણ જોડવામાં આવી છે. આ સાથે જામનગરના મેયર સહિતના પદાધિકારીઓ આ તમામ કેનાલોનું રૂબરૂ જઈને સરપ્રાઇઝ ચેકિંગ (આકસ્મિક નિરીક્ષણ) કરે તેવી ઉગ્ર માંગ ઉઠાવવામાં આવી છે.

અરજદારે કેનાલ સફાઈના કોન્ટ્રાક્ટ મેળવનાર એજન્સીઓના એગ્રીમેન્ટની વિગતો તેમજ આ પ્રિ-મોન્સુન કામગીરી પર દેખરેખ રાખનારા તમામ જવાબદાર અધિકારીઓની માહિતી પણ માંગી છે. પત્રમાં સ્પષ્ટ ચીમકી આપવામાં આવી છે કે જો વરસાદ પહેલાં આ અધૂરી કામગીરી પૂરી કરવામાં નહીં આવે અને નાગરિકોને નુકસાન થશે, તો જવાબદાર અધિકારીઓ સામે બી.એન.એસ. / સી.પી.સી. (જાહેરનામાના ભંગ બદલની કલમ ૧૮૮) મુજબ કાયદેસરની પોલીસ ફરિયાદ દાખલ કરવાની ફરજ પડશે.

## જામનગરના ગોકુલ નગર જકાતનાકા સર્કલ પર પોલીસ ચોકી બનાવવાની માંગ



તસવીરઃ હિરેન ગાંધી

**સમય સંદેશઃ જામનગર**

તાજેતરમાં તા. ૧૭/૬/૨૬ની રાત્રે ગોકુલ નગર જકાતનાકા સર્કલ આસપાસના વિસ્તારમાં બનેલી ગંભીર ગેંગવોર અને હથિયારો સાથેની જૂથ અથડામણની ઘટના બાદ સ્થાનિક રહીશોમાં ભારે ફફડાટ ફેલાયો છે, જેના પગલે જાગૃત નાગરિકો દ્વારા ડી.વાય.એસ.પી. (DySP) શ્રીને એક લેખિત આવેદનપત્ર પાઠવીને આ સર્કલ પર કાયમી પોલીસ ચોકી શરૂ કરવા ઉગ્ર માંગ કરવામાં આવી છે. રહીશોએ રજૂઆતમાં જણાવ્યું છે કે મોડી રાત્રે આ વિસ્તારમાં બાઈકર્સ ગેંગનો ત્રાસ અતિશય વધી ગયો છે અને નશાખોરો-અસામાજિક તત્વોના અડીંગા જામતા હોવાથી કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જોખમાઈ છે, જેથી આ જમાવડા તાકીદે દૂર કરી વિસ્તારમાં ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવો અનિવાર્ય બન્યો છે.

## સુરજ કરાડીના યુવાનનું ટ્રેન હડફેટે આવી જતાં મોત

### જામનગરના જલારામનગરમાં ૨૭ વર્ષના યુવકનું છાતીમાં દુઃખાવા બાદ થયું મોત

**સમય સંદેશઃ સૂરજકરાડી**

ઓખા મંડળના મીઠાપુર તાબે આવેલા સુરજકરાડી ગામમાં રહેતા ૨૫ વર્ષીય યુવાનનું ટ્રેનની અડફેટે આવતા કરૂણ મોત નીપજ્યું હતું. મળતી માહિતી મુજબ સુરજકરાડી ગામના ડાડુભા ઉર્ફે કારીયો જીમલભા સુમાણી (માણેક) છેલ્લા કેટલાક દિવસોથી માનસિક રીતે અસ્વસ્થ રહેતા હતા. તેઓ નાની-નાની બાબતોમાં ગુસ્સે થઈ જતા હોવાનું પરિવારજનો દ્વારા જણાવાયું હતું.

આ દરમિયાન મંગળવાર તા. ૧૬ની રાત્રિના સમયે સુરજકરાડી વિસ્તારમાંથી પસાર થતા રેલવે ટ્રેક પર તેઓ આવી ગયા હતા અને તે સમયે પસાર થયેલી ટ્રેનની અડફેટે ગંભીર ઇજાઓ પહોંચી હતી.

બનાવમાં યુવાનનું ઘટનાસ્થળે જ કરૂણ મૃત્યુ નિપજ્યું હતું. ઘટનાની જાણ થતાં પરિવારજનો સહિત આસપાસના લોકો એકત્ર થયા હતા. આ બનાવ અંગે મૃતકના મોટાભાઈ આસપારભા જીમલભાએ મીઠાપુર પોલીસ મથકમાં જાણ કરતા પોલીસે ઘટનાની નોંધ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે. પોલીસે બનાવ અંગે તપાસ શરૂ કરી છે.

જામનગર શહેરમાં ગુરૂદ્વારા ચોકડી પાછળ જલારામનગરમાં રહેતાં અને ડ્રાઇવીંગનો વ્યવસાય કરતાં મનિષભાઇ સુદાભાઇ ખાંભલા (ઉ.વ.૨૭) નામના યુવાનને ગત તા.૨૮-૧૨-૨૦૨૫ ના રોજ પોતાના રહેણાંક મકાને અચાનક છાતીમાં દુઃખાવો ઉપડ્યો હતો. જેથી તેઓને શ્વાસ લેવામાં તકલીફ થતી હતી ગભરામણ પણ થવા લાગી હતી. જેથી તેઓને તાત્કાલિક સારવાર અર્થે જામનગરની જી.જી.હોસ્પિટલમાં લઇ જવાતા ફરજ પરના ડોકટરે યુવાનને તપાસી તેનું મોત નિપજ્યાનું જાહેર કર્યું હતું. આ બનાવ અંગે મૃત્તક યુવાનના

અનુ પાના નં.૨ પર

## રાહુલ ગાંધીજીના જન્મદિવસ નિમિત્તે જામનગર યુવક કોંગ્રેસ અને NSUI દ્વારા વૃદ્ધાશ્રમમાં અનોખી ઉજવણી





તસવીરઃ હિરેન ગાંધી


ગઈકાલે લોકસભા વિરોધ પક્ષના નેતા શ્રી રાહુલ ગાંધીજીના જન્મદિવસ નિમિત્તે જામનગર યુવક કોંગ્રેસ તથા ગજબઈ દ્વારા એક પ્રેરણાદાયી કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં કાર્યકરોએ જામ રણજીતસિંહજી વૃદ્ધાશ્રમની મુલાકાત લીધી હતી. અહીં વડીલોના આશીર્વાદ મેળવી તેમની સાથે કેક કાપીને તેમજ આઈસ્ક્રીમ ખવડાવીને 'જનનાયક' રાહુલ ગાંધીજીના જન્મદિવસની હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે યુવા અગ્રણીઓ અને વડીલો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## જામનગરના પવનચક્કી સર્કલ પાસે ધીમી કામગીરીથી ભારે ટ્રાફિકજામ

**સમય સંદેશઃ જામનગર**




તસવીરઃ હિરેન ગાંધી



જામનગર શહેરમાં પવનચક્કી પાસે મહાનગરપાલિકા દ્વારા ચાલતા કામના ક્માર્ગ ઉપર ખોદાણ કામ કરવા આવેલ છે જેને કારણે ગઈકાલે સાંજના સમયે ભારે ટ્રાફિક જામ થયો હતો. એટલું જ નહી આ ટ્રાફિકમાં અનેક વાહનચાલકો ફસાયા હતા. લાંબા સમય સુધી પવનચક્કી સર્કલમાં ચક્કાજામ ન દ્રશ્યો સર્જાયા હતા. આ ખોદાણ કામ કર્યા પછી મનપા તંત્ર દ્વારા ગોકળ ગાયની ગતિએ કામના લીધે શહેરીજનોએ ટ્રાફિક નો ભોગ બનવું પડેલ હતું. આ વાહનોની ચારે બાજુ લાંબી કતારો લાગી હતી. એટલું જ નહી ટ્રાફિક જામમાં સારવાર લેવા જતા દર્દી પણ ફસાયા હતા જેને લીધે દર્દીના પરિવારજનો ચિંતામાં મુકાયા હતા. ટ્રાફિક જામ અંગે પોલીસને જાણ કરતા પોલીસ દોડી આવી હતી. અને પવનચક્કી સર્કલ ઉપરનો વાહન વ્યવહાર પૂર્ણ ચાલું કરાવ્યો હતો.

# જામનગર શહેરમાં ઈટ્રા દ્વારા રન ફોર યોગ રેલીનું ભવ્ય આયોજન











તસવીરઃ હિરેન ગાંધી

આયુર્વેદ શિક્ષણ અને સંશોધન સંસ્થા જામનગર ઇટ્રા દ્વારા આજરોજ ''રન ફોર યોગ'' રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. ૨૧ જૂન આંતરરાષ્ટ્રીય યોગ દિવસના સંદર્ભમાં લોકો પોતાના સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃત બને અને યોગ દ્વારા શારિરિક અને માનસિક સમૃદ્ધિ અર્થે યોગને પોતાની જીવનશૈલીનો એક ભાગ બનાવે તે સંદેશ સાથે આ રેલી યોજવામાં આવી હતી. ઇટ્રા ના ડાયરેક્ટ પ્રો. ડો. તનુજા નેસરીની અધ્યક્ષતામાં આ રેલી ડીકેવી સર્કલથી સિટી બી ડિવિઝન પોલીસ સ્ટેશન સુધી પહોંચી હતી જેમાં અધ્યાપકો, વિદ્યાર્થીઓ અને કર્મચારીઓ જોડાયાં હતાં.

## જામનગર જિલ્લા કક્ષાના યોગ દિવસની ઉજવણી રાજ્યકક્ષાના શિક્ષણ મંત્રી રીવાબા જાડેજાની અધ્યક્ષતામાં પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે કરાશે

**સમય સંદેશઃ જામનગર**

પ્રાચીન ભારત પરંપરા દ્વારા માનવજાતને આપેલી એક અમુલ્ય ભેટ એવી યોગ વિદ્યા ને વિશ્વ ફલક ઉપર લાવવા તથા માનવજાતને આરોગ્ય, સુખાકારી અને માનવતા તરફ દોરવાના ઉમદા હેતુથી વડાપ્રધાનશ્રી દ્વારા સંયુક્ત રાષ્ટ્રસંઘની ૬૯મી સામાન્ય સભા સમક્ષ ૨૧મી જુનને આંતરરાષ્ટ્રીય યોગ દિવસ તરીકે ઉજવવા ૧૧ ડીસેમ્બર-૨૦૧૪ ના રોજ યોગ દિવસ ઉજવણીનો પ્રસ્તાવ રજુ કરી તે વિશે ચર્ચા કરી હતી. ૨૧ જુનનો દિવસએ ઉત્તરીય ગોળાર્ધમાં સૌથી લાંબો દિવસ છે. અને આજ કારણે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ૨૧મી જુનને વિશ્વ યોગ દિવસ મનાવવા માટે સૂચન કર્યું. ત્યારબાદ વિશ્વના મોટા ભાગના ૧૭૦ દેશોએ ૨૧મી જુનને વિશ્વ યોગ દિવસ તરીકે મનાવવાનું નક્કી કર્યું હતું. વર્ષ ૨૦૧૫માં ૨૧મી જૂનના રોજ પ્રથમ વિશ્વ યોગ દિવસ તરીકે ઉજવણી કરવામાં આવી.

આ વર્ષે ૧૨માં વિશ્વ યોગ દિવસની ઉજવણી YOGA FOR HEALTHY AGEING સ્વસ્થ જીવન માટે યોગની થીમ પર આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરવામાં આવશે. જે અંતર્ગત જામનગર કલેકટરશ્રી પી.બી.પંડ્યાના માર્ગદર્શન હેઠળ જામનગર જિલ્લાકક્ષાની આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી રાજ્યકક્ષાના શિક્ષણમંત્રી શ્રીમતિ રીવાબા જાડેજાની અધ્યક્ષતામાં પોલીસ પરેડ ગ્રાઉન્ડ, જામનગર ખાતે સવારે ૬:૦૦ કલાકથી કરવામાં આવશે. તથા મહાનગરપાલિકાકક્ષાની ઉજવણી લખોટા તળાવ ગેટ નં.૧, જામનગર ખાતે મેયરશ્રી મોનીકાબેન વ્યાસના અધ્યક્ષ સ્થાને કરવામાં આવશે. તથા તમામ તાલુકાકક્ષા તથા નગરપાલિકાકક્ષાએ વિવિધ સ્થળોએ અધિકારીશ્રીઓ તથા પદાધિકારીશ્રીઓની ઉપસ્થિતિમાં ઉજવણી કરવામાં આવશે.

જિલ્લાની દરેક ગ્રામ્યકક્ષા, પ્રાથમિક શાળાઓ, માધ્યમિક ઉચ્ચ માધ્યમિક શાળાઓ, યુનિવર્સીટી, કોલેજો, આઈ.ટી.આઈ., દરેક શૈક્ષણિક સંસ્થાઓ, સામાજિક સંસ્થાઓ, આર્મી, નેવી, એરફોર્સનાં જવાનો, પોલીસ સ્ટેશનો, જિલ્લા જેલ, આરોગ્ય કેન્દ્રો પર યોગ દિવસની ઉજવણી કરવામાં આવશે. સમગ્ર જામનગર જિલ્લામાં ૧૨માં વિશ્વ યોગ દિવસમા અંદાજે ૩ લાખ જેટલા લોકો જોડાશે.

## ખંભાળીયામાં શિરપકાંડનાં ગુનામાં ફરાર આરોપી ઋષિકેશથી પકડાયો

**સમય સંદેશઃ ખંભાળિયા**

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં નોંધાયેલા ગંભીર ગુનાઓમાં ફરાર આરોપીઓ, પેરોલ જમ્પ કરનાર તેમજ લાંબા સમયથી નાસ્તા ફરતા આરોપીઓને ઝડપી પાડવા માટે એલસીબી, એસઓજી સહિતની ટીમોને વિશેષ કામગીરી કરવા સૂચના આપવામાં આવી હતી.




આ સૂચનાના આધારે એલસીબીના ઇન્ચાર્જ પોલીસ ઇન્સ્પેક્ટર એન.એચ. જોષીના માર્ગદર્શન હેઠળ પોલીસ સબ ઇન્સ્પેક્ટર બી.એમ. દેવમુરારી, એમ.આર. સવસેટા અને એસ.વી. કાંબલીયા સહિતની ટીમ દ્વારા ગુનાઓમાં ફરાર આરોપીઓ અંગે ટેકનિકલ તેમજ માનવીય બાતમીના આધારે તપાસ હાથ ધરવામાં આવી હતી. દરમિયાન જિલ્લાના તેમજ જિલ્લા બહારના ગુનાઓમાં નાસ્તા ફરતા આરોપીઓને ઝડપી પાડવા માટે એલસીબી એસઓજી તથા પોલીસ સ્ટેશનના સ્ટાફની ત્રણ અલગ અલગ ટીમો બનાવવામાં આવી હતી અને રાજ્ય બહાર તપાસ માટે મોકલવામાં આવી હતી. જેમાં એએસઆઈ મસરીભાઈ ભારવાડીયા, જેસલસિંહ જાડેજા તથા હેડ કોન્સ્ટેબલ લાખાભાઈ પીંડારીયા અને મુકેશ ભાઈ કેશરીયા દ્વારા કરવામાં આવેલા સતત પ્રયાસો અને સ્થળ તપાસના આધારે મહત્વની સફળતા મળી હતી. ખંભાળિયા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા શીરપકાંડના અતિ ગંભીર ગુનાઓના આરોપી તથા જામનગર જિલ્લા જેલમાંથી વચગાળાના જામીન પર મુક્ત થયા બાદ છેલ્લા આશરે બે વર્ષથી ફરાર રહેલા આરોપી પંકજભાઈ બ્રીજમોહન ખોસલા (ઉ.વ. ૫૩), રહે. સંગરૂર, પ્રતાપનગર, જી. સંગરૂર (પંજાબ) ને ઉત્તરાખંડ રાજ્યના ઋષિકેશ ખાતેથી ઝડપી પાડવામાં આવ્યો હતો. પોલીસ દ્વારા આરોપીની ધરપકડ કરી જરૂરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી

## ગોકુલનગરમાં આબરૂનું ધોવાણ થયા પછી પોલીસ સફાળી જાગી

### બે જૂથના ૧૦ લોકોની અટકાયત કરી સામસામી ફરિયાદ લીધી



તસવીરઃ હિરેન ગાંધી

**સમય સંદેશઃ જામનગર**

શહેરના ગોકુલનગર આશાપુરા સર્કલ પાસે ૧૭ જૂનના રોજ બાઇક અડી જવા જેવી નજીવી બાબતે થયેલી મારામારી અને સામસામે લાકડીઓ ઉડી હતી.આ બનાવમાં સંડોવાયેલા તમામ ૧૦ આરોપીઓને જામનગર સીટી 'સી' ડિવિઝન પોલીસે ગણતરીના કલાકોમાં ઝડપી પાડ્યા છે. બનાવનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થતાં પોલીસે ગંભીરતા દાખવી તાત્કાલિક કાર્યવાહી હાથ ધરી હતી.

ખુલ્લેઆમ મારામારી બાદ પોલીસની કામગીરી સામે સવાલો ઉઠ્યા પછી આરોપીઓમાં કાયદાની ધાક બેસાડવા પોલીસે તાત્કાલીન કામગીરી કરી આરોપી પરેશભાઇ અરવીંદભાઇ ધોકીયા (રહે. હાપા, ક્રિષ્ના પાર્ક સોસાયટી, શેરી નં.૦૧, મકાન નં.૦૫, જામનગર), હસનભાઇ ઇસ્માઇલભાઈ સાતીર (રહે.ગુલાબનગર, વાંઝવાસ રીલાયન્સ પેટ્રોલપંપની પાછળ, જામનગર), પૃથ્વીરાજસિંહ મહોબતસિંહ ક્યોર (રહે.શંકરટેકરી શાસ્ત્રીનગર, નવી નીશાળ પાસે, બજરંગ ચોક, જામનગર), મનસુખભાઇ ઉકાભાઈ સિંગળ (રહે.ગોકુલનગર રિધ્ધિ સિધ્ધિ હોટલ પાછળ, જામનગર), હરપાલસિંહ જુવાનસિંહ જાડેજા (રહે.નવી નીશાળ પાસે, શંકરટેકરી, જામનગર), નરેશ રાજશીભાઇ ડાંગર (રહે. મયુર એવન્યુ, આહિર કન્યા છાત્રાલય બાજુમા, જામનગર), રાહુલ દેવાયતભાઇ ડાંગર (રહે. ગોકુલનગર શેરી નં.૦૬, જામનગર), સાગર વિજયભાઇ બડીયાવદરા (રહે.ગોકુલનગર શેરી નં.૦૮, જામનગર), અમીત રાયદેભાઇ આંબલીયા (રહે.ગોકુલનગર, હરસિધ્ધી ચોક, મેઇન રોડ, જામનગર) અને કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોરને પકડી પાડી કાયદેસરની કાર્યવાહી કરી છે.

આરોપીઓ સામે સામસામે ગેરકાયદેસર મંડળી રચવી, ધારદાર હથિયારો સાથે હુમલો કરવો, બળજબરીપૂર્વક વસ્તુ પડાવી લેવી સહિતની ગંભીર કલમો હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે. પોલીસે જણાવ્યું હતું કે જાહેરમાં કાયદો હાથમાં લેનાર તત્વો સામે ભવિષ્યમાં પણ કડક કાર્યવાહી ચાલુ રહેશે.

## પ્રેમલગ્નનો ખાર રાખી જામનગરમાં પતિ-પત્ની ઉપર હુમલો

### યુવકને માથામાં છરીના ઘા ઝીંકાતા ગંભીર ઇજા પહોંચીઃ ઈજાગ્રસ્તને સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડાયો

**સમય સંદેશઃ જામનગર**

જામનગર શહેરના મોરકંડા રોડ સ્થિત અનમોલ પાર્ક શેરી નં.૩માં રહેતા અને ડ્રાઈવિંગનો વ્યવસાય કરતા અવેશ દાઉદભાઈ નોતીયારે હુમલા મામલે આરોપી અલ્ફાઝ યુસુફભાઇ માડકીયા, ફેઝાન રફીકભાઇ માડકીયા અને હમજા યુસુફભાઇ માડકીયા, રૂબીના રફીકભાઇ માડકીયા (રહે. બધા જામનગર) સામે ફરિયાદ નોંધાવી જણાવ્યું કે, ફરિયાદમાં જણાવ્યા મુજબ તેમણે ૧ એપ્રિલ, ૨૦૨૬ના રોજ મુસ્કાન સાથે પ્રેમલગ્ન કર્યા હતા, જે યુવતીના સાસરીયા પક્ષને પસંદ ન હોવાથી તેઓ ખાર રાખતા હતા. આ દરમિયાન તા. ૧૮ જૂનની રાત્રે કાલાવડ નાકા બહાર



તસવીરઃ હિરેન ગાંધી





લાખા ગેરેજ પાસે અલ્ફાઝ ફયુસુફભાઈ માડકીયા, ફેઝાન રફીકભાઈ માડકીયા, હમજા યુસુફભાઈ માડકીયા અને રૂબીના રફીકભાઈ માડકીયાએ એકસંપ થઈ અવેશ તથા તેમની પત્ની મુસ્કાનને ગાળો આપી હુમલો કર્યો હતો. ફેઝાન માડકીયાએ અવેશના માથાના ભાગે છરીના ઘા ઝીંકી જીવલેણ ઇજા પહોંચાડી હતી. જ્યારે અલ્ફાઝ અને હમજાએ લાકડાના ધોકાથી તેમજ રૂબીનાએ લોખંડના પાઇપ વડે માર મારતાં અવેશના જમણા પગમાં ફ્રેક્ચર જેવી ઇજા સહિત અન્ય ઇજાઓ થઈ હતી. દરમિયાન મુસ્કાનને પણ છરીના ઘા તેમજ ધોકા અને પાઇપના મારથી ઇજાઓ પહોંચાડવામાં આવી હતી. હુમલા દરમિયાન જાનથી મારી નાખવાની ધમકી પણ આપવામાં આવી હોવાનું ફરિયાદમાં નોંધાયું છે. આ બનાવ અંગે પોલીસે ચારેય આરોપીઓ સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## પરિણિતાને ત્રાસ આપવાના કેસમાં પતિને બે વર્ષની સજા

**સમય સંદેશઃ જામનગર**

જામનગરના પ્રિયાબેનના લગ્ન ધ્રાંગધ્રા નિવાસી પરિમલભાઈ ઠાકર સાથે તા. ૧૫/૧૨/૨૦૧૫ના રોજ થયા પછી લગ્ન જીવન દરમિયાન પતિ-સાસુ-સસરા દ્વારા તેણીને પતિ તેમજ સાસુ-સસરા દ્વારા ઘર કામકાજ બાબતે નાની નાની વાતોમાં ઝઘડાઓ કરીને મહેણા-ટોણા મારી ગાળો કાઢીને મારકુટ કરવામાં આવતી હોવાની પ્રિયાબેનએ જામનગરના મહિલા પોલીસ સ્ટેશનમાં તા.૮/૨/૨૦૨૧ના રોજ નોંધાવી હતી. આ કેસ અત્રેના બીજા એડિશનલ જ્યુડિશિયલ મેજીસ્ટ્રેટની અદાલતમાં ચાલી જતાં અદાલતે સરકારી વકીલ ડી. એસ. ગોંડલીયા દ્વારા થયેલી રજુઆતોને માન્ય ગણીને પતિને કલમ ૪૯૮ (ક) અને ૫૦૪ હેઠળ તકસીરવાન ઠેરવીને આજે તા.૧૭/૬/૨૬ના રોજ બે વર્ષની સાદી જેલ સજા તથા રૂ.૧૦ હજાર દંડનો હુકમ ફરમાવ્યો છે. આરોપી પતિ દંડ ન ભરે તો વધુ ૩ માસની સાદી કેદ તથા દંડ ભરે તો તે રકમ ફરિયાદી પત્નીને વળતરરૂપે ચુકવવા અદાલતે હુકમમાં જણાવ્યું છે. આ કેસમાં ફરિયાદી યુવતીના પિતાને મોકલાયેલા બિભત્સ શબ્દોવાળા મેસેજોના સ્કીન શોટ, ફાટેલી નોટ શબ્દવાળા સ્ટેટસના સ્કીન શોટ પુરાવા તરીકે રજુ થયા હતા.

## યુ.કે. લઈ જવાના નામે કલ્યાણપુરના યુવાન સાથે 30 લાખની છેતરપિંડીઃ વડોદરાના ત્રણ સામે ફરિયાદ

### કુરીયર મારફત નાણા મંગાવ્યાઃ કોઈ પ્રોસીઝર ન કરી અને ફોન નંબર બ્લોક કરી દીધોઃ અંતે પોલીસે ગુનો નોંધ્યો

**સમય સંદેશઃ કલ્યાણપુર**

કલ્યાણપુર તાલુકાના ગોરાણા ગામના વાડી વિસ્તારમાં રહેતા વિજયભાઈ સુકાભાઈ ગોરાણીયા નામના ૩૧ વર્ષના મેર યુવાનનો મોટો ભાઈ જયમલભાઈ ગોરાણીયા કે જેણે માત્ર ધોરણ ૧૦ સુધીનો અભ્યાસ કર્યો હોય, તેમને કામ કરવા માટે વિદેશ જવું હોવાની વાત તેમના પરિવારજનોને કરી હતી.

આ માટે તેમણે ડિસેમ્બર ૨૦૨૩ ના સમય ગાળામાં તેમનો પાસપોર્ટ કઢાવ્યો હતો. આ પછી એપ્રિલ ૨૦૨૪ માં યુકે ખાતે રહેતા અને મૂળ ગોરાણા ગામના રહીશ એવા વિજયભાઈ ગોરાણા ગોરાણીયાના મિત્ર એવા ભીમાભાઈ નામના એક યુવાનનો તેમણે સંપર્ક કર્યો હતો. તેમણે તેમના પરિચિતમાં એક નામ સૂચવ્યું હતું. આ પછી વિજયભાઈ ગોરાણીયાએ મૂળ વડોદરાના અને હાલ યુ.કે. રહેતા હોવાનું જણાવતા દીક્ષિત સુરેશભાઈ શાહનો સંપર્ક કર્યો હતો અને તેમણે પ્રાથમિક રીતે યુ.કે. (ઇંગ્લેન્ડ) આવવા માટે રૂપિયા ૨૫.૫૦ લાખનો ખર્ચ ડોક્યુમેન્ટ અને એપ્લિકેશન બનાવવા માટે થશે તેમ જણાવ્યું હતું.

આ પછી તેઓએ વિદેશ જવા માટે એજન્ટની શોધખોળ પણ કરી હતી. આમ, આ સમગ્ર પ્રકરણમાં વિજયભાઈ ગોરાણીયા દ્વારા વડોદરાના રહીશ આરોપી દીક્ષિત સુરેશભાઈ શાહ, વૈભવ સુરેશભાઈ શાહ અને સાજણભાઈ પટેલ સાથે સંપર્કમાં રહી અને સમયાંતરે રૂ. ૧૦ લાખ, રૂ. સાડા છ લાખ, રૂ. ૫ લાખ, રૂ. ૪ લાખ, એ રીતે કુલ રૂ. ૩૦ લાખ ૩૭ હજારની ટુકડે ટુકડે રકમ આંગડિયા પેઢી માટે મારફતે મોકલી આપી હતી. આ પછી આજ સુધી જયમલભાઈને વિદેશ જવા માટેની કોઈપણ પ્રકારની પ્રોસેસ થઈ ન હોવાનું તેઓના ધ્યાને આવ્યું હતું. જેથી ફરિયાદી વિજયભાઈ ગોરાણીયાએ દીક્ષિતભાઈ શાહને પૈસા પરત આપવાનું કહેતા તેઓએ પૈસા પરત આપ્યા ન હતા અને તેમનો મોબાઈલ નંબર બ્લેક લિસ્ટમાં નાખી દીધો હતો. આ રીતે ત્રણેય શખ્સોએ એકબીજાની મદદગારી કરી, કુલ રૂ. ૩૦,૩૭,૦૦૦ ની છેતરપિંડી કરી હોવાનું આ પોલીસ ફરિયાદમાં જાહેર થયું છે. આ સમગ્ર પ્રકરણ અંગે કલ્યાણપુર પોલીસે વડોદરાના ત્રણેય શખ્સો સામે બી.એન.એસ.ની કલમ ૩૧૬ (૨), ૫૪ મુજબ ગુનો નોંધી, આગળની તપાસ હાથ ધરી છે.

## જામવંથલી ગામે જૂની ફરિયાદનો ખાર રાખી યુવક ઉપર જીવલેણ હુમલો

**સમય સંદેશઃ જામનગર**

જામ વંથલી ગામે રહેતા અને મજૂરીકામ કરતા પરેશભાઈ ભુરાભાઈ પરમાર (ઉ.વ. ૩૭) એ આરોપી પારસ દિનેશભાઇ સોલંકી રહે.જામ વંથલી ગામ તા.જી.જામનગર તથા અજાણ્યા બે શખ્સો સામે ફરિયાદ નોંધાવી જણાવ્યું કે અલીયાબાળા ગામેથી ફરિયાદી અને રવિ જેન્તીભાઈ સાથે મોટરસાયકલ પર પોતાના ઘરે પરત ફરી રહ્યા હતા. તે દરમિયાન ચાવડા ગામથી જામ વંથલી તરફ જતા માર્ગ પર આરોપી પારસ દિનેશભાઈ સોલંકી મળ્યો હતો. આ વેળાએ આરોપીએ કહ્યું કે તારા બાપાએ અમારા વિરુદ્ધ ખોટી ફરિયાદ કરી છે બાદમાં ફરિયાદીને તેમની જાતિ અંગે અપમાનજનક શબ્દો બોલ્યા હતા અને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

ત્યારપછી ઢીકા-પાટુનો માર મારી ફરિયાદીએ પ્રતિકાર કરતાં આરોપીએ ફોન કરી અન્ય બે અજાણ્યા શખ્સોને સ્થળ પર બોલાવ્યા હતા. ત્યારબાદ, એક અજાણ્યા આરોપીએ લોખંડના હાથાવાળા ધારદાર તાવીથા વડે ફરિયાદીના માથાના ભાગે હુમલો કરી ગંભીર ઇજા પહોંચાડી હતી, જ્યારે બીજા અજાણ્યા આરોપીએ કુહાડીના ઉંધા ભાગથી બંને પગમાં માર મારી ઇજાઓ પહોંચાડી હતી.

હુમલો કર્યા બાદ આરોપીઓ સ્થળ પરથી ફરાર થઈ ગયા હોવાનું ફરિયાદમાં જણાવાયું છે. આ બનાવ અંગે પોલીસે પારસ દિનેશભાઈ સોલંકી તથા અન્ય બે અજાણ્યા આરોપીઓ સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## અમાનુષી કૃત્યઃ જામનગરમાં હોકી સ્ટીક-ધોકા વડે એક શખસ શ્વાન પર તૂટી પડ્યો



### એક બાદ એક ચાર ફટકા મારતા શ્વાનની આંખ ફૂટી, NGO અને હ્યુમન રાઈટ્સે કડક કાર્યવાહીની માંગ કરી

**સમય સંદેશઃ જામનગર**

જામનગરના કામદાર કોલોની વિસ્તારમાં શ્વાન પર એક શખ્સે હોકી સ્ટીક અને ધોકા વડે નિર્મમ હુમલો કર્યો હતો. આ હુમલામાં શ્વાનની એક આંખ ફૂટી ગઈ હતી. આ ઘટના બાદ સ્થાનિક એનજીઓ અને માનવ અધિકાર સંગઠન દ્વારા પોલીસને કડક કાર્યવાહી કરવા રજૂઆત કરવામાં આવી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, ગત ૧૭ જૂન, ૨૦૨૬ના રોજ કામદાર કોલોનીની શેરી નંબર-૨માં એક કોમ્પ્લેક્સ પાસે એક શ્વાન સૂતો હતો. તે સમયે જીજે-૩૭-ઊં-૯૦ નંબરની એક્સેસ ગાડી પર આવેલા શખ્સે ત્યાં હાજર શ્વાનને માર મારવાનું શરૂ કર્યું હતું. આ શખ્સે શ્વાનના મોઢા પર હોકીથી ૪ ફટકા માર્યા



તસવીરઃ હિરેન ગાંધી

હતા, જેના કારણે તેની એક આંખ ફૂટી ગઈ હતી. ઘટના બાદ શ્વાનને તાત્કાલિક હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો, જ્યાં ચાર કલાક સુધી તેનું લોહી વહેતું બંધ થયું ન હતું. આ અમાનુષી ઘટનાને પગલે 'વન ફ્રી એનિમલ કેર' એનજીઓ ચલાવતા ગોસાઈ કલ્પનાબેન અને યુનાઈટેડ નેશન્સ હ્યુમન રાઈટ્સ કમિશન (UNHRC) સાથે સંકળાયેલા ધવલ રાવલે પોલીસ તંત્રને લેખિત રજૂઆત કરી છે. તેમણે એક્સેસ ગાડીના ચાલક વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી કરવાની માંગ કરી છે. ગોસાઈ કલ્પનાબેને જણાવ્યું હતું કે, ''જામનગરમાં મૂંગા પશુઓ પર અત્યાચારની ઘટનાઓ વારંવાર બની રહી છે. જે વ્યક્તિ પશુઓ માટે સુરક્ષિત

અનુ પાના નં.૨ પર

PRINTER / PUBLISHER / OWNED BY RATHOD ASHOK LALJI * PRINTED AT TIRTH PRINTING PRESS, PLOT NO. H-1112, UDHYOG, GIDC, B/H.GANPATI MANDIR, LALPUR CHOKDI, JAMNAGAR, DIST.: JAMNAGAR, GUJARAT. * PUBLISHED AT SADHNA COLONY, GATE NO.1, OPP. JALARAM MANDIR, PLOT NO.3, NEAR L-4, RANJITSAGAR ROAD, JAMNAGAR-361005.
EDITOR : RATHOD ASHOK LALJI * Mo.No:8866066060 E-MAIL :samaysandeshnewstv@gmail.com